જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૨૬-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રાહુલ અને નીતિનના ૭ દિવસના રિમાન્ડ મંજૂર

ભાનુશાળી હત્યા કેસ: છબિલ પટેલને ભાજપમાંથી સસ્પેન્ડ કરાયા

અમદાવાદ-ભચાઉ

અબડાસાનાં પૂર્વ ધારાસભ્ય જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં પૂર્વ ધારાસભ્ય છબીલ પટેલ અને મનીષા ગોસ્વામીનાં નામનો એસઆઈટીએ ખુલાસો કર્યો છે. છબીલ પટેલ અને મનીષા ગોસ્વામીએ જયંતિ ભાનુશાળીને મારવાનો પ્લાન બનાવ્યો હતો અને આ માટે પૂણેથી શાર્પશૂટ બોલાવવામાં આવ્યા હતા. શાર્પશૂટર્સ છબીલ પટેલનાં ફાર્મહાઉસમાં રોકાયા હતા. એસઆઈટીએ આ મામલે નીતિન પટેલ અને રાહુલ પટેલની પણ ધરપકડ કરી છે. ભચાઉ કોર્ટે નીતિન અને રાહુલ પટેલનાં ૧ ફેબ્રુઆરી સુધીનાં રીમાન્ડ મંજૂર કર્યાછે. તો હવે આ મામલે ભાજપ પણ એક્શનમાં આવી છે.

ભાજપે છબીલ પટેલને પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે. છબીલ પટેલને ભાજપનાં પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ભાજપનાં પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ છબીલ પટેલને પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે. ભાનુશાળી હત્યા કેસમાં છબીલ પટેલનું નામ આવતા આ પગલા લેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે જયંતિ ભાનુશાળી અને મનીષા વચ્ચે અણબનાવ હતો. જયંતિ ભાનુશાળીની સેક્સ સીડીઓ લીક કરવાને લઈને તેમને મનીષા અને તેના સાગરીતો દ્વારા બ્લેકમેલ કરવામાં આવતા હતા. બંને વચ્ચે નાણાકીય બાબતે સમાધાન પણ કરવામાં આવ્યું હતુ, પરંતુ તેમ છતા તેમનું બ્લેકમેલ ચાલુ રહ્યું હતુ.



રેલવે પોલીસે જુદા-જુદા ૨૦ કારણો રજૂ કરીને રાહુલ અને નીતિનની પુછપરછ માટે ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. જેની સામે કોર્ટ દ્વારા ૭ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

પોલીસે રિમાન્ડ માટે રજૂ કરેલા કારણ આ પ્રમાણેનાં હતા. શાર્પશૂટર ૧૨ દિવસ સુધી છબીલ પટેલના ફાર્મમાં રોકાયા હતા . શાર્પશૂટરને રહેવા અને વાહનની સગવડ આપી રાહુલ અને નીતિને કરી આપી હતી . આ બંને આરોપીઓએ શાર્પશૂટરને ભૌગોલીક સ્થિતીનો પરિચય કરાવ્યો હતો

આરોપીઓ શાર્પ શૂટરની સાથે રાત-દિવસ રહેતા હતા અને ભાનુશાળીની રેકી કરવામાં પણ મદદ કરી હતી

આરોપીઓએ શાર્પ શૂટરને જયંતી ભાનુશાળીની હત્યાને અજામ આપવામાં સાથ આપ્યો હતો

તો બીજી તરફ ભાનુશાળી અને છબીલ પટેલ વચ્ચે પણ અણબનાવ હતો. મનીષા અને છબીલ પટેલે સાથે મળીને જયંતિ ભાનુશાળીને પતાવવાનો પ્લાન ઘડ્યો હતો. ત્યારે હવે આ આખી ઘટનામાં છબિલ પટેલનું નામ સામે આવતા પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી દ્વારા છબિલ પટેલને ભાજપનાં પ્રાથમિક સભ્યપદેથી હટાવાયાની જાહેરાત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ગુરુવારે પોલીસે આ બંને આરોપીઓની ધરપકડ કરી હતી અને આખી રાત પુછપરછ કરી હતી. પુછપરછ કર્યાબાદ શુક્રવારે તેમને ભચાઉ કોર્ટમાં રજૂ કરાયા હતા. આ બંને આરોપી જયંતી ભાનુશાળીની હત્યાના મુખ્ય કાવતરાખોર છબીલ પટેલના ખાસ માણસો હતો અને એટલા માટે જ તેમને શાર્પ શૂટરને મદદ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આથી, તેમની પાસેથી ઘણી બધી માહિતી બહાર આવી શકે એમ છે.

હરિયાણાના પૂર્વ સીએમ ભૂપેન્દ્રસિંહ હુડ્ડાના ઘર સહિત ૩૦ ઠેકાણે સીબીઆઈના દરોડા

રોહતક

હરિયાણાના પૂર્વ મુખ્ય મંત્રી ભૂપેન્દ્રસિંહ હુડ્ડાના ઘર સહિત ૩૦ સ્થળો પર સીબીઆઈએ દરોડા પાડ્યા છે. હરિયાણાના રોહતકના ડી-પાર્ક સ્થિત ભૂપેન્દ્રસિંહ હુડ્ડાના નિવાસ પર સીબીઆઈના દરોડા શરૂ છે. ભૂપેન્દ્રસિંહ હુડ્ડા અને સાંસદ દીપેન્દ્ર હુડ્ડા ઘરમાં જ ઉપસ્થિત છે. હુડ્ડા આજે જીંદમાં સભા સંબોધવાના હતા તેથી રોહતકમાં રોકાયા હતા. સીબીઆઈની ટીમે ૩૦થી વધુ સ્થળો પર દરોડા પાડ્યા છે. સીબીઆઈના વરિષ્ઠ અધિકારીએ આ સમાચારને સમર્થન આપ્યુંછે. દિલ્હી-એનસીઆરમાં આ દરોડા શરૂ છે.

સવર્ણોને ૧૦ ટકા અનામત મુદ્દે સ્ટે આપવા સુપ્રિમનો ઇન્કાર

૧૦ ટકા સવર્ણ અનામત મુદ્દે સુપ્રિમ કોર્ટની મોદી સરકારને નોટિસ

૧૨૪મા બંધારણીય સુધારાનું પરીક્ષણ કરાશેઃ સુપ્રિમ કોર્ટની બેન્ચ,કેન્દ્ર સરકારને ચાર સપ્તાહની અંદર જવાબ આપવા આદેશ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે સામાન્ય વર્ગના આર્થિક રીતે નબળા લોકોને આર્થિક આધારે રોજગાર અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવાના કેન્દ્ર સરકારના તાજેતરના નિર્ણય સામે સ્ટે આપવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઇના વડપણ હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે જણાવ્યું કે ૧૨૪મા બંધારણીય સુધારાનું પરીક્ષણ કરશે. આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને એક નોટિસ પણ જારી કરી છે અને તેના પર ચાર સમાહની અંદર જવાબ આપવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે.

ગરીબ સવર્ણોને ૧૦ ટકા અનામત આપવાના નિર્ણય સામે હાલ તુરત સ્ટે આપવાનો ઇનકાર કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ મુદ્દાને તેઓ સુપ્રીમ કોર્ટના સ્તરે ચકાસશે.

આ અરજીમાં તેની સામે તત્કાળ સ્ટે આપવાની પણ માગણી કરવામાં આવી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે ૧૦ ટકા અનામત અંગે સ્ટે આપવા ઇનકાર કર્યો હતો. જોકે સુપ્રીમ કોર્ટે સુનાવણી માટે આ અરજી ગ્રાહ્ય રાખી છે અને કેન્દ્ર સરકારને નોટિસ પણ જારી કરી છે.

સુપ્રીમ કોર્ટમાં તહસીન પુનાવાલા તરફથી દાખલ કરાયેલી જનહિતની અરજીમાં સુપ્રીમ કોર્ટમાં બંધારણ સુધારા દ્વારા આર્થિક આધારે ૧૦ ટકા અનામત સામે રોક લગાવવાની દાદ માગતી એક જનહિતની અરજી દાખલ કરવામાં આવી હતી.

એવું જણાવાયું છે કે સંવિધાનની મૂળભૂત ભાવના સાથે ચેડાં થયાં છે. તેમજ અનામતની મહત્તમ મર્યાદા ૫૦ ટકા નિર્ધારિત કરવામાં આવી છે તેનું ઉલ્લંઘન થયું છે. આ કેસમાં અગાઉ પણ એક અન્ય એનજીઓ તરફથી ડો.કૌશલકાંત મિશ્રાએ અરજી દાખલ કરી હતી. પુનાવાલા તરફથી દાખલ કરવામાં આવેલ અરજીમાં ભારત સરકાર અને અન્યોને પ્રતિવાદી બનાવવામાં આવ્યા હતા. અરજીમાં જણાવાયું છે કે બંધારણના અનુચ્છેદ-૧૬માં સામાજિક પછાતતાના આધારે રિઝર્વેશન આપવાની વાત છે. કેન્દ્ર સરકારે બંધારણમાં સુધારો કરીને તેમાં આર્થિક આધારને જોડયો છે. જયારે આર્થિક આધાર પર અનામતની કોઈ જોગવાઈ નથી.

આનંદો...સરકારી કર્મચારીઓના બાળકો ૩૩ વર્ષ સુધી ફ્રીમાં મુસાફરી કરી શકશે

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી પહેલા મોદી સરકારે સરકારી કર્મચારીઓને એક મોટી ભેટ આપી છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે રેલવે પોતાના કર્મચારીના બે બાળકોને હવે ૩૩ વર્ષની ઉંમર સુધી ફ્રીમાં મુસાફરી માટે પાસ આપશે. જો કે અગાઉ આ ૨૧ની ઉંમરનો માપદંડ હતો. રેલવે મંત્રી પીયુષ ગોયલે નવા નિયમને મંજૂરી આપી દીધી છે. સાથે જ રેલમંત્રીએ ઓલ ઇન્ડિયા રેલવે મેન્સ ફેડરેશનની સાથે બેઠક બાદ આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી હતી.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

MARKET4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનથી બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવાશ જશે, જે માટે સાથે દર્શાવેલ ફોટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આપણીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેરોજગાર વ્યક્તિ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ત્રોટો મોડવી કપાવી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે ૧૫૦૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ત્રીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ત્રોટો મોડવી કપાવી) આપની કોડ ત્રીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે ૩૫૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોક મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

રાણપુરના ધારપીપળા ગામે બજરંગદાસ બાપાની મઢુલીની તીથી નિમિત્તે ચતુર્થ સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન યોજાયા

સમૂહ લગ્નમાં જોડાયેલા ૫૧ નવદંપતિને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૧૦૨ શુભેચ્છા પાઠવતા મોમેન્ટો મોકલ્યા



બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ધારપીપળા ગામે ધારપીપળા ગામ સમસ્ત બજરંગદાસ બાપાની મઢુલીની ૧૩મી પુર્ણતિથી,મઢુલીવાળા મહાદેવનો ઉત્સવ અને સર્વજ્ઞાતિના ૫૧ દિકરીઓના ચતુર્થ સમૂહ લગ્નોત્સવ યોજાયા હતા આ સર્વજ્ઞાતિના સમૂહ લગ્ન પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી એ વહુ અને વરરાજા ને શુભેચ્છા પાઠવતા મોમેન્ટો મોકલાવ્યા હતા ૧૦૨ શુભેચ્છા પાઠવતા મોમેન્ટો મોકલાવતા તમામ વહુ અને વરરાજાને આ મોમેન્ટો આપવામાં આવ્યા હતા પુજય.ભગવાનદાસબાપુ નાનો દરા, ભકત ભુષણ.જનકસિંહ સાહેબ અમરધામ(છલાળા)પુજય ભકતીગીરી માતાજી દામનગર સહીત અનેક સંતો મહંતો પ્રભુતામાં પગલા માંડતા ૫૧ નવદંપતિઓને આશિર્વાદ આપ્યા હતા જયારે રાજય સરકારના કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, ધંધુકા મતવિસ્તારના ધારાસભ્ય રાજેશભાઈ ગોહીલ, પુર્વ ધારાસભ્ય,લાલજીભાઈ,કાળુભાઈ ડાભી-કોળીસમાજ પ્રમુખ ગુજરાત સહીત અનેક રાજકીય અને સામાજિક આગેવાનો આ પ્રસંગે હાજર રહ્યા હતા આ દરમ્યાન લોકમેળા માં ભારે ભીડ જોવામળી હતી ૫૧ દીકરીઓને દાતાઓ ના સહયોગથી કરીયાવર મોટા પ્રમાણમાં આપવામાં આવ્યો હતો આ સમૈયા માં આવેલ તમામ લોકો માટે જમવાની સગવડ કરવામાં આવી હતી અને અંદાજે એકલાખ પચ્યાસ હજાર જેટલા લોકો જમ્યા હતા આ સમૈયા માં ખુબજ મોટી સંખ્યામાં લોકો ઉમટી હતા અને જયાં જોવો ત્યાં માનવ મહેરામણ દેખાતો હતો આ સમગ્ર આયોજન ધારપીપળા ગામ સમસ્ત કરવામાં આવ્યુ હતુ

રાણપુરમાં બળદેવભાઈ દવેની આઠમી પુણ્યતીથી નિમિત્તે વિનામુલ્યે મેગા કેમ્પ યોજાયો



બોટાદ કલેક્ટર,એસ.પી,જીલ્લા વિકાસ અધિકારી કેમ્પમાં હાજર રહ્યા

બોટાદ જીલ્લાના રાણપુરના એ.પી.એમ.સી.ના ચેરમેન અને ભાજપ અગ્રણી એવા સેવાભાવી નરેન્દ્રભાઈ દવેના પિતાશ્રી ની આઠમી પુણ્યતિથી નિમિત્તે નેત્રયજ્ઞ, દંતચિકીત્સા, ડાયાબીટીશ, એક્યુપ્રેશર નો ફ્રી સારવાર મેગા કેમ્પ યોજાયો હતો આ કેમ્પ રાણપુર ભાલનળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ ખાતે યોજાયો હતો ગણપતરામ વ્રજલાલ દવે(શર્માજી) ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ફ્રી કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ કેમ્પમાં બોટાદ જીલ્લાના કલેક્ટર સુજીતકુમાર,બોટાદ જીલ્લા ડી.એસ.પી.હર્ષદ મહેતા,બોટાદ જીલ્લા વિકાસ અધિકારી આશિષકુમાર, રાણપુર સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ મુકુંદભાઈ વઢવાણા,રાણપુર ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના ગોવિંદસિંહ ડાભી,રાણપુર વેપારી મંડળના ઉપ.પ્રમુખ સુલતાનભાઈ બાઘડીયા, મારૂતીનંદન બેન્કના ચેરમેન હરેશભાઈ જાંબુકીયા,રવિભાઈ અમદાવાદીયા સહીત અનેક આગેવાનો હાજર રહ્યા હતા આ કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓએ આવ્યા હતા અને વિના મુલ્યે સારવાર નો લાભ લીધો હતો જેમાં ઓપરેશનની જરૂરીયાત વાળા આંખના દર્દીઓને રાજકોટ લઈજઈ વિનામુલ્યે શ્રી રણછોડદાસજી ચેરીટેબલ હોસ્પિટલમાં મોતીયાના ઓપરેશન ફેકો મશીન દ્વારા નેત્રમણી બેસાડી દેવામાં આવિ હતી જયારે દંતચિકીત્સા યજ્ઞમાં રાજકોટના દંતરોગ નિષ્ણાંત ડો.જયસુખભાઈ મકવાણા એ જલંધર પધ્ધતિથી દાંત વિનામુલ્યે કાઢી આપવામાં આવ્યા હતા અને જરૂરીયાતવાળા દર્દીઓને દાંતના ચોગઠા મફત માં બનાવી આપવામાં આવ્યા હતા. ડો.શિરિષભાઈ ઓઝા એ ડાયાબીટીશ ના દર્દીઓને ફ્રી એક-અપ કરવામાં આવ્યુ હતુ.સુરેન્દ્રનગર ના ડો.નારાયણભાઈ રાવલ દ્વારા એક્યુપ્રેશરની ફ્રી સારવાર આપવામાં આવી હતી જ્યારે આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગ દ્વારા આયુષમાન ભારત યોજના નાં કાર્ડનું વિતરણ કરવામાં આવ્યુ હતુ આ અંગે રાણપુર એ.પી.એમ.સી.ના ચેરમેન નરેન્દ્રભાઈ દવે સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે મારા પિતાશ્રી બળદેવભાઈ કે દવે ની આઠમી પુણ્યતિથી નિમિત્તે આ ફ્રી મેગા કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ રાણપુર પંથક ના દર્દીઓના દર્દ દુર કરવા માટે આ કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ અમારા પરિવાર નો એકજ ધ્યેય છે કે માનવ સેવા એજ પ્રભુ સેવા દરેક લોકોની સેવા કરવી પરમ પુજ્ય રામશર્મા આચાર્ય શાંતિકુંજ હરીદ્વારની પ્રેરણાથી,ગાયત્રી પરિવાર રાણપુર, ભાલનળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ રાણપુર,ગણપતરામ વ્રજલાલ દવે(શર્માજી) ચેરીટેબલ ટ્રસ્ટ રાણપુર દ્વારા આ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે રાણપુર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોએ આ કેમ્પ નો લાભ લીધો હતો

અડવાણી-મુરલી મનોહર જોષી ચૂંટણી લડશે..?!!, પાર્ટીએ નિર્ણય તેમના પર છોડ્યો

ન્યુ દિલ્હી

બીજેપીના માર્ગદર્શક મંડળના સભ્ય અને પાર્ટીના વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણી ફરી એક વખત લોકસભાની ચૂંટણી લડશે કે નહીં તેનો નિર્ણય પાર્ટીએ તેમના ઉપર છોડ્યો છે. બીજેપીના કેટલાક નેતાઓના મતે અડવાણી, મુરલી મનોહર જોષી, સુમિત્રા મહાજન, શાંતા કુમાર, બીસી ખંડુરી, હુકમદેવ નારાયણ યાદવ, બીએસ યેદુયુરપ્પા જેવા ૭૫ વર્ષને પાર કરી ગયેલા નેતા પર ચૂંટણી લડવાનો કોઈ પ્રતિબંધ નથી. તેમનું કહેવું છે કે આ નિયમ ચૂંટણી લડવા વિશે નથી. જોકે એ નક્કી છે કે ૭૫ પાર કરી ગયેલા નેતાને કોઈ મંત્રી પદ આપવામાં આવશે નહીં.

જોકે એ જાણકારી નથી કે ૯૧ વર્ષના અડવાણી અને ૮૪ વર્ષના મુરલી મનોહર જોષી ફરીથી ચૂંટણી લડશે કે નહીં. જોષીના નજીકના સુત્રોના મતે પાર્ટી જે પણ નિર્ણય કરશે તેનો તે સ્વિકાર કરશે.

બીજેપી નેતાઓનું એવું પણ કહેવું છે કે વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજનો ચૂંટણી ન લડવાનો નિર્ણય તેમનો પોતાનો છે. પાર્ટીએ આ વિશે હજુ સુધી કોઈ નિર્ણય કર્યો નથી. સુષ્મા સ્વરાજ અને ઉમા ભારતીએ સ્વાસ્થ્યના કારણે ચૂંટણી ન લડવાનો નિર્ણય કર્યો છે.

મધ્ય પ્રદેશમાં આવા જ એક મોટી ઉંમરના બીજેપી નેતા બાબુલાલ ગૌર પાર્ટી માટે પરેશાનીનું કારણ બન્યા છે. તે હાલ પૂરી થયેલી વિધાનસભાની ચૂંટણીમાં પણ લડવા માંગતા હતા. બાદમાં પાર્ટીએ તેમની વહુને ટિકિટ આપી મનાવી લીધા હતા. હવે તે પાર્ટીને ધમકાવી રહ્યા છે કે કોંગ્રેસ તેમને ભોપાલ લોકસભા પરથી ઉમેદવાર બનાવવા માંગે છે.

ઉત્તર પ્રદેશના બદલતા રાજકારણ વચ્ચે બીજેપી મુરલી મનોહર જોષી અને કલરાજ મિશ્ર જેવા કદાવર બ્રાહ્મણ નેતાઓને ચૂંટણી ન લડાવવાનું જોખમ લઈ શકે તેમ નથી. ખાસ કરીને ત્યારે જ્યારે કોંગ્રેસે પ્રિયંકા ગાંધી વાડ્રાને પૂર્વાંચલની જવાબદારી આપી છે. કોંગ્રેસનો પ્રયત્ન આ વિસ્તારમાં નિર્ણાયક ભૂમિકા ભજવનાર બ્રાહ્મણ મતદાતાઓને પોતાના તરફ કરવાનો છે. કલરાજ મિશ્ર પૂર્વાંચલની દેવરિયા અને મુરલી મનોહર કાનપુરથી લોકસભા સાંસદ છે.

કુકિંગ-દારૂ પીવા પર ૨થી૧૦ હજારનો દંડ ફટકારાશે

ગોવામાં ખુલ્લામાં દારૂનું સેવન કરનારાની ખેર નહિઃ જેલ થશે

પણજી,તા.૨૫

ગોવા દરેકનું મનપસંદ હરવા ફરવાનું ડેસ્ટિનેશન છે. જો કે અહીં આવીને કેટલાક પ્રવાસીઓ ખુલ્લામાં દારૂ ઢીંચીને છાકટા બનતા હોવાથી રાજય સરકારે પ્રવાસી વ્યપાર કાયદામાં ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે. જેને પગલે ગોવામાં ખુલ્લામાં દારૂનું સેવન કરનારા તેમજ જાહેરમાં કૂકિંગ (રાંધવાનું) કરનારા લોકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આટલું જ નહીં નિયમોનું ઉલ્લંઘન બદલ વધુ આકરા પગલાં રૂપે જેલની પણ સજા થઈ શકે છે.

ગોવાના પ્રવાસન મંત્રી મનોહર અજગાંવકરે જણાવ્યા મુજબ ગોવામાં ખુલ્લામાં દારૂનું સેવન કરનારા તેમજ કૂકિંગ કરનારા લોકોને રૂ. ૨,૦૦૦-૧૦,૦૦૦ હજારનો દંડ ફટકારાશે. આ અંગે પ્રવાસી વ્યાપાર કાયદામાં સુધારો ગોવાની વિધાનસભાના આગામી સત્રમાં કરાશે. આગામી સત્ર ૨૯ જાન્યુઆરીના મળી રહ્યું છે.

આ કાયદા અંતર્ગત ગોવામાં કોઈપણ વ્યક્તિ જાહેરમાં દારૂ પીતા અથવા રાંધવાની પ્રવૃતિ કરતા નજરે પડશે તો એકલ વ્યક્તિને રૂ. ૨,૦૦૦ જ્યારે ગ્રૂપને રૂ. ૧૦,૦૦૦નો દંડ કરાશે. જો દંડ ભરવામાં કોઈ આનાકારી કરશે તો વધુ આકરી સજા પેટે ત્રણ મહિનાની જેલની સજા પણ થઈ શકે છે તેમ રાજ્યના પ્રવાસન મંત્રીએ જણાવ્યું હતું.

બિહાર સરકારમાં મંત્રી અને ભાજપ નેતાનું વિવાદાસ્પદ નિવેદન

સુંદર ચહેરાના આધાર પર ચૂંટણી ના જીતી શકાયઃ વિનોદ નારાયણ ઝા

ન્યુ દિલ્હી

પ્રિયંકા ગાંધી વાડ્રાને કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ બનાવવા પર સતત રાજનીતિક પ્રતિક્રિયાઓ આવી રહી છે. બિહાર સરકારમાં મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા વિનોદ નારાયણ ઝાએ આ અંગે વિવાદિત નિવેદન આપ્યુ છે. મંત્રીએ કહ્યુ કે, ''સુંદર ચહેરાના અધાર પર ચૂંટણી ના જીતી શકાય.'' તેમણે આગળ કહ્યુ કે, ''પ્રિયંકા ભ્રષ્ટ્ર રોબર્ટ વાડ્રાની પત્ની છે જેમનું નામ જમીન ઘોટાળામાં શામેલ છે.''

શુક્રવારના વિનોદ નારાયણ ઝા બોલ્યા કે, ''કોંગ્રેસવાળાએ તેમ ના વિચારવુ જોઈએ કે પ્રિયંકા ગાંધી બહુ સુંદર છે અને તેઓ રાજનીતિમાં આવતાની સાથે જ ઘણી સીટ જીતી જશે. ભારતનું લોકતંત્ર પરિપક્વ થવાની તરફ છે, આ નિર્ણય લોકતંત્ર માટે સારો નથી.''

બિહાર સરકારમાં મંત્રી ઝાએ કહ્યુ કે, ''કેટલાક લોકો તેમણી સરખામણી ઈન્દિરા ગાંધી સાથે કરી રહ્યા છે, ઈન્દિરા ગાંધી ફિરોઝ શાહની પત્ની હતી અને તેમના પતિ લોકસભામાં ઘણા મુદ્દાને ઉઠાવ્યા હતા, પરંતુ રોબર્ડ વાડ્રાના નામ પર જમીન ઘોટાળામાં શામેલ છે, એવામાં પ્રિયંકાની સરખામણી ઈન્દિરા ગાંધી સાથે ના કરવી જોઈએ.'' તમને જણાવી દઈએ કે વિનોદ નારાયણ ઝા ભાજપના નેતા છે અને બિહારના નીતીશ કુમારની સરકારમાં કેબિનેટ મંત્રી છે.

૨૭મી જાન્યુ.એ એનસીપી તરફથી મોટા સમાચાર મળશે : શંકરસિંહ વાઘેલા

વાપી

એનસીપી(નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી) તરફથી ૨૭મી જાન્યુઆરીને મોટા સમાચાર આવશે એવું કહીને શંકરસિંહે સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે તેઓ આગામી દિવસોમાં એનસીપી સાથે જોડાઈ રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી તેમજ કોંગ્રેસના પૂર્વ નેતા શંકરસિંહ વાઘેલા શુક્રવારે વાપી શહેરની ટૂંકી મુલાકાતે આવ્યા હતા. મુલાકાત દરમિયાન તેમણે મીડિયા સાથે વાતચીત દરમિયાન આવું નિવેદન કર્યું હતું. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, ×એનસીપીના સુપ્રીમો શરદ પવાર સાથે મારે વાત થઈ છે. ૨૭મી જાન્યુઆરીએ એનસીપી તરફથી મોટા સમાચાર મળશે.× શંકરસિંહના નિવેદન પરથી કયાસ લગાવવામાં આવી રહ્યો છે કે ૨૭મીએ એનપીસી શંકરસિંહ તેમની પાર્ટીમાં જોડાઈ રહ્યા હોવાની જાહેરાત કરી શકે છે. આ પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહે ભાજપના કચ્છના દિગ્ગજ નેતા જયંતિ ભાનુશાળીની હત્યા મામલે પણ નિવેદન આપ્યું હતું. વાઘેલાએ જણાવ્યુ કે, ×ભારતીય જનતા પાર્ટી કાવતરાખોર પાર્ટી છે. ગુનાહિત માનસિકતા ધરાવતા લોકોની પાર્ટીમાં ભરતી કરી હોવાનું આ પરીણામ છે. સત્તાની લાલસા કે પછી સીડી પ્રકરણ જયંતિ ભાનુશાળીની હત્યા પાછળનું કારણ હોઈ શકે છે.× આ પ્રસંગે વાઘેલાએ મહાગઠબંધન અંગે જણાવ્યું હતું કે, ચૂંટણી પહેલા મહાગઠબંધનની કોઈ શક્યતા નથી. ચૂંટણી પછી મહાગઠબંધન થઈ શકે છે.

ઈસરોએ સી-૪૪ દ્વારા બે સેટેલાઈટનું સફળ લોન્ચિંગ કર્યું

અમરાવતી

આંધ્રપ્રદેશમાં આવેલા શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી અડધી રાત્રે પીએસએલવીના લોન્ચ વ્હિકલ સી-૪૪ દ્વારા બે સેટલાઈટનું સફળ લોન્ચિંગ કરાયું છે. પાંચ મહિનામાં બીજી વખત એવું બન્યું હતું કે અહીં સેટેલાઈટનું લોન્ચિંગ રાતના સમયે કરાયું. લોન્ચિંગનો સમય નક્કી કરવામાં સેટેલાઈટ માઈક્રોસેટ-આર એ મુખ્ય ભૂમિકા નિભાવી. ઈસરોના ચેરમેન સિવનનું કહેવું છે કે સેટેલાઈટની જરૂરિયાત પ્રમાણે સમયની પસંદ કરાઈ.

વાત એમ છે કે ૭૪૦ કિલોગ્રામ વજન ધરાવતા ઈમેજીંગ સેટેલાઈટ માઈક્રોસેટ-આરને એ રીતે યોજનાબદ્ધ કરાયું હતું કે તે દરરોજ બપોરે ૧૨ વાગ્યાની આસપાસ ભૂમધ્ય રેખાને પાર કરે જ્યારે સૂર્ય ભારતીય ક્ષેત્રને રોશન કરી રહ્યું હોય છે. વજનની દ્રષ્ટિએ આ સેટેલાઈટ દુનિયાનો સૌથી હલકો સેટેલાઈટ છે. ગુરૂવારના રોજ શ્રીહરિકોટાના ભારતીય સ્પેસપોર્ટના પહેલાં લોન્ચ પેડ પરથી રાત્રે અગિયાર વાગ્યાને ૩૭ મિનિટ પર PSLVC-૪૪ એ માઈક્રોસેટ-આર અને કલામસેટ આર સેટેલાઈટને સાથે લઈ લોન્ચિંગ કરાયું.

ઈસરોના ચેરમેન સિવને કહ્યું કે લોન્ચના સમયે સેટેલાઈટની જરૂરિયાત પર નિર્ભર કરે છે. અહીં તેઓ ઈચ્છે છે કે સેટેલાઈટ ભૂમધ્યરેખાના દક્ષિણ તટથી ઉત્તરી તટમાં ૧૨ વાગ્યાની આસપાસ પાર કરે, આ સૂરજના પ્રકાશની સ્થિતિના લીધે થઈ શકે છે. તેમણે આગળ કહ્યું કે અમારા લોન્ચર ભૂમધ્ય રેખાના ઉત્તરથી દક્ષિણની તરફ જાય છે. આથી સેટેલાઈટની જરૂરિયાતને જોતા અમે રાત્રે લોન્ચિંગ કરાયું.

ભાજપનું લોકસભા ચૂંટણી માટે નવું સૂત્ર, 'ફિર એક બાર મોદી-સરકાર'

ન્યુ દિલ્હી

આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખતા ભારતીય જનતા પાર્ટીએ નવું સૂત્ર નક્કી કરી દીધું છે. ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે 'ફિર એક બાર મોદી-સરકાર' નારાને ૨૦૧૯ લોકસભા ચૂંટણી માટે મંજૂરી આપી દીધી છે. BJPની લોકસભા ચૂંટણી પ્રચાર સમિતીની ગત બેઠકમાં આ નારા પર ચર્ચા થઈ હતી અને હવે રાષ્ટ્રીય અધ્યક્ષે તેના પર મોહર લગાવી છે.

વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં 'અબકી બાર મોદી સરકાર'ની થીમ નારા સાથે ભારતીય જનતા પાર્ટી મેદાનમાં ઉતરી હતી અને એકલા પોતાના દમ પર સરકાર બનાવવા માટે લાયક સીટો જીતી હતી. વર્ષ ૨૦૧૪માં જે થીમ નારા પર ભાજપને રેકોર્ડ જીત મળી હતી, તેમાં થોડો ફેરફાર કરીને BJPએ હવે ૨૦૧૯માં નવો નારો લોન્ચ કર્યું છે. જોકે સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ 'ફીર એક બાર મોદી-સરકાર' નારા ઉપરાંત ભાજપ લોકસભા ચૂંટણી દરમિયાન અન્ય અનેક નારાઓનો ઉપયોગ કરશે. તાજેતરમાં જ દિલ્હીમાં સંપન્ન થયેલા ભાજપના રાષ્ટ્રીય અધિવેશન દરમિયાન ૨૦૧૯ની લોકસભા ચૂંટણીને લઈને રણનીતિ બનાવવામાં આવી છે અને પાર્ટીમાં અનેક નારાઓ પર ચર્ચા કરાઈ છે.

દેશમાં સ્વાઈન ફ્લુના ૨૫૦૦થી વધારે કેસ, ૭૭નાં મોત

ન્યુ દિલ્હી

દેશભરમાં સ્વાઈન ફ્લુના ૨,૫૦૦થી વધુ કેસ સામે આવ્યા છે અને બીમારીએ ઓછામાં ઓછા ૭૭ લોકોનાં જીવ લીધા છે. આ બીમારીથી સૌથી વધારે રાજસ્થાનમાં પદ્દનાં મોત થયાં છે. સરકાર દ્વારા આંકડા બહાર પાડવામાં આવ્યા છે તે અનુસાર, સ્વાઈન ફ્લૂનાં ૨,૫૭૨ કેસ આવે છે, જેમાં ૧,૫૦૮ કેસ રાજસ્થાનનાં છે. ગુજરાત આ મામલે બીજા નંબરે છે જ્યાં ૪૩૮ કેસ સામે આવ્યા છે. દિલ્હીમાં ૩૮૭ કેસ સામે આવ્યા છે. જોકે દિલ્હીમાં હજુસુધી સ્વાઈન ફ્લૂથી કોઈનું મૃત્યુ થયું નથી. હરિયાણામાં ગુરુવાર સુધી ૨૭૨ કેસ સામે આવ્યા છે. રોગથી થતાં મૃત્યુમાં વધારાને ધ્યાનમાં રાખીને આરોગ્ય મંત્રાલયે તાજેતરમાં રાજ્ય સાથે બેઠક કરી હતી અને તેમને નમૂનાની તપાસ જલ્દી કરવાની અને હોસ્પિટલમાં બેડ સુરક્ષિત કરવા કહેવામાં આવ્યું હતું.

દ.આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામફોસા મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે

લોખંડી સુરક્ષા વચ્ચે આજે દેશભરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાશે

ન્યુ દિલ્હી

દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની તમામ તૈયારીઓ આજે પરિપૂર્ણ કરી લેવામા આવી છે. આવતીકાલે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને ત્રાસવાદી હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. મુખ્ય ઉજવણીમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ, વડાપ્રધાન નરેન્દર મોદી તથા તેમના કેબીનેટના પ્રધાનો રહેશે. આ ખાસ આયોજનમાં દર વર્ષની જેમ દુનિયાના કોઈ પણ દેશના રાષ્ટ્રપતિ કે પ્રધાનમંત્રી અચૂક હાજર રહેતા હોય છે, ત્યારે આ વર્ષે મુખ્ય અતિથિ તરીકે હાજર રહેવા માટે દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામફોસા રાજધાની દિલ્હી પહોંચી ચુક્યા છે.

૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાક દિવસ નિમિત્તે રાજધાની દિલ્હી ખાતે ભારતીય સેનાની ત્રણેય પાંખ આર્મી, નેવી અને એરફોર્સના જવાનો દ્વારા ખાસ પરેડ યોજવામાં આવશે. સાથે સાથે દેશના અલગ અલગ રાજ્યોની ઝાંખી દર્શાવતા ટેબ્લો પણ આ સમારોહ દરમિયાન રાજઘાટ પરથી પસાર થવાના છે.

પ્રજાસત્તાક દિવસને ધ્યાનમાં લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે અને ત્રાસવાદી હુમલાની દહેશતના કારણે દિલ્હી પોલીસના ૨૫,૦૦૦૦ જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. પોલીસે સુત્રોના કહેવા ૪૯૦૦૦ કુલ સુરક્ષા જવાનો પૈકી અર્લશ્કરી દળના ૧૫૦૦૦ અને દિલ્હી પોલીસના ૨૫૦૦૦ જવાનો ગોઠવાશે. આવતીકાલે સવારે પાંચ વાગ્યાની તમામની તૈનાતી કરી દેવામાં આવનાર છે.

૧૮ ફેબ્રુઆરીથી આ સત્રનો પ્રારંભ થશે અને ૨૨ ફેબ્રુઆરીએ સત્ર પુરુ થશે

વિધાનસભાનું પાંચ દિવસીય શિયાળુ સત્ર યોજાશે, ૧૯ ફેબ્રુઆરીએ લેખાનુદાન રજુ થશે

ગાંધીનગર

લોકસભા-૨૦૧૯ની ચૂંટણી પહેલા ગુજરાત વિધાનસભાનું પાંચ દિવસીય શિયાળું સત્ર યોજાશે. ૧૮ ફેબ્રુઆરીથી આ સત્રનો પ્રારંભ થશે અને ૨૨ ફેબ્રુઆરીએ સત્ર પુરુ થશે. વિધાનસભાના પ્રથમ દિવસે આભાર પ્રસ્તાવ અને શોક સંદેશ રજુ થશે. નાયબ મુખ્યમંત્રી અને નાણા મંત્રી નીતિન ભાઈ પટેલ ૧૯ ફેબ્રુઆરીના રોજ વિધાનસભામાં લેખાનુદાન બજેટ રજુ કરશે.

વિધાનસભામાં ૨૦ અને ૨૧ તારીખે બે-બે બેઠક મળશે. ૨૧મીએ લેખાનુદાન બજેટને ગૃહમાં મતદાન માટે મુકવામાં આવશે. સમગ્ર સત્ર દરમિયાન ૭ જેટલા સરકારી વિધેયક રજુ કરાશે.

૧૮ ફેબ્રુઆરીથી આ સત્રનો પ્રારંભ થશે. ૧૯મી તારીખે પુરાતવાળુ બજેટ, લેખાનુદાન અને ૨૦૧૯-૨૦ના અંદાજપત્ર રજૂ થશે

૨૦મી તારીખે રાજ્યપાલના સંબોધન પર થશે ચર્ચા. ૨૧મીએ પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન, લેખાનુદાન પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન, બિન સરકારી વિધેયકો પસાર થશે. ૨૨ મીએ સરકારી વિધેયકો અને સરકારી કામકાજ

લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સરકાર મતદારોને રીઝવવા લાભકારી યોજના જાહેર કરી શકે છે.

પીએમ મોદીનો હું વિરોધી પણ તેમની સારી બાબતોના વખાણ કરીશઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ ઓરિસ્સામાં લોકસભા ચૂંટણીના પ્રચારની શરુઆત કરી છે. ભુવનેશ્વરમાં આયોજીત એક કાર્યક્રમમાં તેમણે કહ્યુ હતુ કે આજે નાના વેપારીઓ મુશ્કેલીઓમા છે.લાખો કરોડો રુપિયાનુ ઉદ્યોગપતિઓનુ દેવુ માફ કરી દેવાય છે અને ખેડૂતોની મદદ કરવામાં આવતી નથી.વડાપ્રધાન મેક ઈન ઈન્ડિયાની વાત કરે છે અને ૨૪ કલાકમાં ૪૫૦ નોકરીઓ પણ પેદા થતી નથી.જ્યારે ચીનમાં એક દિવસમાં ૫૩૦૦૦ નોકરીઓ પેદા થાય છે.અમે નરેન્દ્ર મોદી જેવા નથી કે બધુ જાણતા હોવાનો દેખાવ કરીએ.અમે લોકો સાથે વાત કરીને આગળ વધીએ છે.

રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે આરએસએસ અને ભાજપે અત્યાર સુધી મને જે ગાળો આપી છે તેમાંથી હું ઘણું શિખ્યો છું.મને બહુ ફાયદો થયો છે.હું મોદીથી નફરત નથી કરતો પણ મારી અને તેમની વિચારધારા અલગ છે.હું તેમની સાતે લડતો રહીશ.

રાહુલે કહ્યુ હતુ કે મોદી ભલે મારા રોલ મોડેલ નથી પણ તેમની ઘણી વાતો મને સારી લાગે છે.એ મારા વિરોધી હોવાનો મતલબ એ નથી કે હું તેમના વખાણ નહી કરું.

બીજેપી અને બીજેડીને એક જ જેવા ગણાવતા તેમણે કહ્યું કે, બન્ને જણાએ એક જ જેવું મોડલ ફોલો કર્યુ- ગુજરાત મૉડલ- જે હેઠળ ઉદ્યોગપતિ મુખ્યમંત્રીના માર્કેટિંગ માટે પૈસા ચૂકવણી કરે છે અને તેના બદલામાં સરકારની નીતિઓમાં તેમની વાત માનવામાં આવે છે.

રાહુલ ગાંધીએ સ્વીકાર કર્યો કે કોંગ્રેસની પાસે જ્યારે સિસ્ટમ નહોતી અને સામાન્ય રીતે તેમની વાતોને ખોટી રીતે રજૂ કરવામાં આવતી હતી, પરંતુ પાર્ટી હંમેશાં તમામ લોકો સાથે વાત કરવાની કોશિશ કરતી હતી, પછી તે પછાત હોય, દલિત હોય, મીડિલ ક્લાસ હોય કે ઉદ્યોગપતિ હોય.

મોદી પોતે મહેલોમાં રહે'ને માતાને ૧૦ બાય ૧૦ની ઓરડીમાં રાખેઃ કોંગ્રેસ નેતા અલવી

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વયોવૃદ્ધ માતા હીરાબા ફરી એકવાર કોંગ્રેસના નિશાને આવ્યાં છે. કોંગ્રેસ નેતા રાશિદ અલવીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના માતા હીરાબાને સારી રીતે ન રાખતાં હોવાનો આરોપ મૂક્યો છે. રાશિદ અલવીએ ઉત્તરપ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આવી વ્યક્તિગત ટીપ્પણી કરી છે. અલવીએ કહ્યું કે મોદી તેમની માતાની યોગ્ય રીતે દેખભાળ નથી કરી રહ્યાં અને તેમ કરીને તેમણે યુવાનો સમક્ષ ખોટું ઉદાહરણ પૂરું પાડ્યું છે.અલવીએ વધુમાં કહ્યું કે મોદી પોતે તો મહેલોમાં રહે છે સૂટ પહેરે છે અને લાખો રુપિયાની કીમતી પેન રાખે છે, પણ પોતાની માતાને દસ બાય દસના કમરામાં રાખે છે. અલવીએ પૂછ્યું કે મોદી દેશના યુવાનોને આ કયા પ્રકારનો સંદેશ આપી રહ્યાં છે.કોંગ્રેસ નેતાએ આગળ કહ્યું કે ૨૦૧૯માં મોદી જો ફરી સત્તામાં આવશે તો લોકતંત્ર ખતમ થઈ જશે. લોકોનું વાણી સ્વાતંત્ર્ય છીનવાઈ જશે અને તેમના જેવા નેતાએ ભાષણ આપવું મુશ્કેલ બની જશે. ભાજપના નેતાઓ પર ભડકાવવાવાળા નિવેદન આપવાના આરોપ પણ અલવીએ મૂક્યાં.

જેમજેમ લોકસભા ચૂંટણી નજીક આવે છે તેમતેમ અલવી સહિત તમામ નેતાઓની બયાનબાજીમાં વિરોધી નેતાઓ માટે ઝેરીલી ટીપ્પણીઓ કરવાનું પ્રમાણ વધી રહ્યું છે.

યુપીની જનતા ભાજપનાં "બાહુબલી મોડેલ"થી ત્રસ્તઃ ચિદમ્બરમ

લખનઉ

ઉત્તરપ્રદેશમાં છાશવારે બનતા એક્કાઉન્ટરનાં બનાવોને લઈને કોંગ્રેસે યોગી સરકારને આડે હાથ લીધી છે. કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા પી.ચિદમ્બરમે યોગી સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. ચિદમ્બરમે કહ્યું કે યુપીની જનતા "બાહુબલી મોડેલ"નો ગંભીર ભોગ બની રહી છે.

પૂર્વ નાંણા પ્રધાન પી.ચીદમ્બરમે ટ્વીટ કરીને કહ્યું કે,છેલ્લા ૧૬ મહિનામાં ઉત્તર પ્રદેશ પોલીસે અથડામણમાં ૭૮ લોકોને ઠાર માર્યા છે. બંધારણ મુજબ આને કાયદો અને વ્યવસ્થાનું રાજ કહેવાય?એક સમાચાર મામલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે ભાજપ શાસનનાં બાહુબલી મોડેલમાં કાયદો અને વ્યવસ્થા ચિંથરેહાલ છે. જમ્મુ કાશ્મીર પછી યુપી એવું બીજુ રાજ્ય છે જે બાહુબલી સરકારનાં અતિરેકથી પીડીત છે. મળતી માહિતી મુજબ, ઉત્તર પ્રદેશમાં યોગી સરકારનાં ૧૬ મહિનાનાં કાર્યકાળમાં ૩૦૦૦થી વધુ એક્કાઉન્ટરની ઘટના સામે આવી છે. જેમાં પોલીસે ૭૮ શંકાસ્પદ આરોપીઓને ઠાર કર્યા છે. રાજ્ય ડીજી ઓફીસનાં એક અધિકારીએ જણાંવ્યું કે આ આંકડા માર્ચ-૨૦૧૭થી જુલાઈ-૨૦૧૮ સુધીનાં છે.

કોર્ટે અરજીકર્તાને તતડાવ્યો સાથે સલાહ આપી ઉંમર સાથે ફેરફારોને સ્વિકારતા શીખો

લગ્નના ૧૬ વર્ષ બાદ પત્ની શારીરિક સંબંધનો ઈનકાર કરે તો તે ક્રુરતા નહીં : હાઈકોર્ટ

મદ્રાસ

મદ્રાસ હાઈકોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે, લગ્નના ૧૬ વર્ષ બાદ પણ પત્ની જો સેક્સને લઈને ઈનકાર કરે તો તેને ક્રુરતા ના ગણી શકાય. કોર્ટે એક અરજી ફગાવતા આ ટિપ્પણી કરી છે. અરજીનાં એક વ્યક્તિએ પોતાની પત્ની પર ક્રુરતાનો આરોપ લગાવ્યો હતો. કોર્ટે આ ઉપરાંત અરજીકર્તાને બરાબરનો ખખડાવ્યો હતો. સાથે કોર્ટે સલાહ પણ આપી હતી કે ઉંમર સાથે આવનારા ફેરફારોનો સ્વિકારતા પણ આવડવું જોઈએ.

અરજીકર્તાએ ૧૯૯૮માં મહિલા સાથે લગ્ન કર્યા હતાં. ૨૦૧૪માં તેણે ઈરોડની કોર્ટમાં છુટાછેડાની અરજી કરી હતી. તેણે આરોપ લગાવ્યો હતો કે, મારી પત્ની મારી નિષ્ઠા પર શંકા કરે છે અને દામ્પત્ય અધિકારોથી મને વંચિત રાખે છે. જોકે આ મામલે કોર્ટે છુટાછેડા આપવાનો ઈનકાર કરી દીધો હતો.

કોર્ટના આ નિર્ણય વિરૂદ્ધ આ વ્યક્તિએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. મદ્રાસ હાઈકોર્ટમાં આ અરજી પર જસ્ટિસ એસ, સુબઈયા અને જસ્ટિસ સી સરવાનની બેંચે સુનાવણી હાથ ધરી હતી. અરજીકર્તાના વકીલે હાઈકોર્ટની એક ડિવિઝનલ બેંચના એ નિર્ણયની યાદી તૈયાર કરી હતી જેમાં બેંચ કહી ચુકી હોય કે પત્નીએ પતિને સેક્સથી વંચિત રાખવો એ ક્રુરતાની શ્રેણીમાં આવતો અપરાધ છે. આ દલીલ પર કોર્ટે કહ્યું હતું કે, આ મામલો એ શ્રેણીમાં આવતો નથી કારણ કે બંનેના લગ્ન ૧૯૯૮માં થયા હતા અને બંનેને એક બાળકી પણ છે.

કોર્ટે કહ્યું હતું કે, લગ્નના ૧૬ વર્ષ બાદ સેક્સ કે દૈહિક ઈચ્છાઓની પૂર્તિમાં સહયોગ ના કરવો એ ક્રુરતા ના કહી શકાય. કોર્ટે કહ્યું હતું કે, આ પ્રાકૃતિક છે જે અનેક ફેક્ટર પર નિર્ભર કરે છે, તેમાં વધતી ઉંમર પણ એક પરિબળ છે, માટે આ માટે કોઈને દોષી ના ઠેરવી શકાય. આ મામલે કોર્ટના ધ્યાનમાં એ વાત પણ આવી હતી કે, આ મામલે પત્ની જ હકીકતમાં પ્રતાડિત થઈ છે. ૨૦૧૪માં તેને પતિના કોઈ અન્ય યુવતી સાથે શારીરિક સંબંધો વિષે જાણવા મળ્યું હતું અને એ જ વર્ષે બંને એકબીજાથી જુદા થઈ ગયાં હતાં.

અત્યાર સુધીમાં ૭૮ ગુનેગારોના એક્કાઉન્ટરમાં મોત થયા

યૂપીમાં યોગી રાજમાં ૧૬ મહિનામાં ત્રણ હજારથી વધુ એક્કાઉન્ટર કરાયા

લખનઉ

યુપીમાં ભાજપની યોગી આદિત્યનાથ સરકાર બન્યાના શરુઆતના ૧૬ મહિનાઓમાં ૩૦૦૦થી વધારે એ્કાઉન્ટર કરવામાં આવ્યા છે.

પોલીસ એક્કાઉન્ટરના કારણે ગુનેગારોમાં ફફડાટ છે. અત્યાર સુધીમાં ૭૮ ગુનેગારોના એક્કાઉન્ટરમાં મોત થયા છે. આ આંકડાની સત્તાવાર જાહેરાત યોગી સરકાર દ્વારા પોતાની સફળતા સ્વરુપે ૨૬ જાન્યુઆરીએ કરવામાં આવશે.દરેક જિલ્લા કલેક્ટરને પત્ર લખીને સરકારે લોકો સુધી જે પણ કામ થયા છે તે પહોંચાડવા માટે કહ્યુ છે. જેમાં અપાયેલા આંકડા પ્રમાણે એક્કાઉન્ટરમાં ૭૦૪૩ અપરાધીઓની ધરપકડ કરાઈ છે.સામે ૮૩૮ ગુનેગારો એક્કાઉન્ટરમાં ઈજાગ્રસ્ત થયા છે. જેનો અર્થ એ થયો કે રોજે રોજ ૬ એક્કાઉન્ટર યુપીમાં થઈ રહ્યા છે અને રોજ ૧૪ ગુનેગારોની ધરપકડ થાય છે.દર મહિને ચાર ગુનેગારો મોતને ભેટ્યા છે.



તંત્રી સ્થાનેથી...

પ્રિયંકા અને પરેશાની

લોકસભા ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે દરેક રાજકીય પાર્ટીઓ નવા નવા દાવપેંચ રમી રહ્યા છે. હવે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પણ નવો દાવ રમ્યો છે. રાહુલે પ્રિયંકા ગાધીને પાર્ટીના મહાસચિવ તરીકે જાહેર કર્યા છે. સાથે સાથે પૂર્વીય ઉત્તરપ્રદેશના પ્રભારી બનાવી દીધા છે. કોંગ્રેસ પાર્ટીએ આ નિર્ણયને રૂટીન તરીકે ગણાવીને તેની પ્રશંસા કરી છે. જો કે પાર્ટી કાર્યકરો અને રાજકીય નિષ્ણાંતો માની રહ્યા છે કે આ રાહુલ ગાંધીનો માસ્ટર સ્ટ્રોક તરીકે છે. કહેવામાં આવી રહ્યુ છે કે લોકોને પ્રિયંકામાં ઈન્દિરા ગાંધીની ઝલક મળે છે.જેથી આના કારણે કોંગ્રેસ પાર્ટીને ફાયદો મળી શકે છે. પાર્ટીની હાલત ઉત્તરપ્રદેશમાં ખુબ ખરાબ છે. આવી સ્થિતીમાં પાર્ટી વાપસી કરી શકે છે. આ વાસ્તવિકતા છે કે પ્રિયંકા હજુ સુધી તો બે લોકસભા સીટ રાયબરેલી એ અમેઠી સુધી મર્યાદિત રહ્યા છે. ત્યાં તે પ્રજા વચ્ચે સંપર્ક રાખવામાં સફળ રહી છે. તેની ટીવી રજૂઆત પણ સારી રહી છે. જો કે મોટી ભૂમિકા અદા કરવામાં તે કેટલી સફળ રહે છે તે બાબત તો સમય બતાવશે. કોંગ્રેસ પાર્ટી હાલમાં તેમને લઈને મોટા મોટા દાવા કરવા માટે તૈયાર નથી. હાલમાં કોંગ્રેસની સામે સૌથી મોટો પડકાર તો બસપ અને સપાના ગઠબંધનના પડકારોમાંથી બહાર નિકળવાની છે. કેટલાક નિષ્ણાંતો માને છે કે તેમના માટે સ્થિતી વધારે સારી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે, મોદી અને યોગીની જોડી તથા સમાજવાદી પાર્ટી-બસપા ગઠબંધનની વચ્ચે પ્રિયંકા ગાંધીનો કરિશ્મો થાય તેવી શક્યતા ખુબ ઓછી દેખાઈ રહી છે. રાજનીતિશાસ્ત્રના પ્રોફેસર કૌશલ કિશોર મિશ્રાનું માનવું છે કે, પ્રિયંકા ગાંધીના સક્રિય રાજનીતિમાં આવવાથી પૂર્વીય ઉત્તરપ્રદેશની ૩૦ સીટો ઉપર કોઇ ખાસ અસર થશે નહીં. પૂર્વાંચલની વારાણસી સીટ પરથી વડાપ્રધાન મોદી ચૂંટણી લડે છે. તેમના પ્રભાવને ઘટાડવા માટે કોંગ્રેસે બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કર્યો છે. પ્રિયંકા ગાંધી પહેલા પડદા પાછળથી રાજનીતિ કરતા રહ્યા છે. પ્રોફેસર કિશોરે કહ્યું છે કે, યુવા મુસ્લિમો કોંગ્રેસનો સાથ આપી શકે છે જ્યારે મુલાયમના સમર્થકો સપાની સાથે રહી શકે છે. આનાથી મુસ્લિમ વોટનું વિભાજન થશે. ભાજપ પણ ઇચ્છે છે કે, મુસ્લિમ વોટનું વિભાજન થાય. પૂર્વીય ઉત્તરપ્રદેશમાં ત્રિકોણીય જંગ થશે. પ્રિયંકા ગાંધીની એન્ટ્રી થવાથી ભાજપ કરતા બસપ અને સપાને વધારે નુકસાન થશે. રાજકીય નિષ્ણાતો જેપી શુક્લાનું કહેવું છે કે, પ્રિયંકા ગાંધી સક્રિય રાજનીતિમાં આવવાથી માત્ર મનોવૈજ્ઞાનિક અસર થશે. કોંગ્રેસ પાર્ટીને રાજકીય લાભ થશે નહીં. પ્રિયંકા ગાંધીની એન્ટ્રીથી કોંગ્રેસના કાર્યકરો ઉત્સાહિત થઈ શકે છે પરંતુ આ પગલું ખુબ મોડેથી લેવામાં આવ્યું છે. આનાથી કોઈ વધુ ફાયદો થશે નહીં. પ્રિયંકાની એન્ટ્રીથી ઉત્તરપ્રદેશમાં કોઈ ખાસ અસર થશે નહીં. માત્ર કોંગ્રેસના કાર્યકરોનો ઉત્સાહ વધશે. કોંગ્રેસ પાર્ટી સપાની સાથે રહીને ચૂંટણી લડવા ઇચ્છુક હતી. પ્રિયંકા ગાંધી સક્રિય રાજનીતિમાં એન્ટ્રી કરતા કાર્યકરોમાં ઉત્સાહ વધશે. જો કે, યુપીમાં કોંગ્રેસને કોઈ મોટો ફાયદો થાય તેવ શક્યતા ઓછી દેખાઈ રહી છે. ૨૦૦૯ની ચૂંટણીમાં પૂર્વીય ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ પાર્ટીએ સારો દેખાવ કર્યો હતો.

પ્રિયંકામાં ઈન્દિરા ગાંધીની ઝલક મળે છે જેથી કોંગ્રેસ પાર્ટીને ચૂંટણીમાં ફાયદો હશે

સિનેમાહોલમાં રાષ્ટ્રગીત ફરજિયાત દર્શાવવાની વ્યવસ્થા ખતમ...

દેશભક્તિ તો દિલમાં હોવી જોઈએ

નવમી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે દેશની સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદાને બદલી નાંખીને સિનેમાઘરમાં રાષ્ટ્રગીત દર્શાવવાની ફરજિયાત વ્યવસ્થાને ખતમ કરી દીધી હતી. આ ચુકાદાની તારીખથી બે વર્ષ પહેલા સુધી દેશભરમાં દરેક ફિલ્મથી પહેલા રાષ્ટ્રગીત વગાડવાની બાબત ફરજિયાત કરેલી હતી. સાથે સાથે જ્યારે રાષ્ટ્રગીત વાગે ત્યારે ફિલ્મ નિહાળવા માટે આવેલા તમામ લોકોને તેમન સીટ પર ઉભા થવાની ફરજ પડતી હતી. એટલુ જ નહીં આ નિયમોના કારણે દેશના લોકોમાં સતત ચર્ચા પણ રહેતી હતી. વિવાદો પણ થતા હતા. કેટલીક વખત તો રાષ્ટ્રગીત વેળા ઉભા ન થવાની ગંભીર નોંધ લેવામાં આવતી હતી. ઉભા ન થનારને દેશદ્રોહી સુધી કહેવામાં આવતા હતા. જો કે આ વ્યવસ્થાને હવે સુપ્રીમ કોર્ટ દ્વારા દુર કરી દેવામાં આવી છે. જાણકાર લોકો કહે છે કે દેશભક્તિની ભાવના તો વ્યક્તિના મનમાં હોવી જોઈએ. થિયેટરમાં રાષ્ટ્રગીત રજૂ કરવાને લઈને કોઈ રાષ્ટ્રભક્તિ જન્મ લેતી નથી. કેટલાક કેસોમાં તો રાષ્ટ્રગીત વેળા ઉભા ન થનાર વ્યક્તિને થિયેટરમાંથી માર મારીને બહાર કરી દેવામાં આવતા હતા. એકંદરે દેશભક્તિના નામ પર ગુંડાગીરી પણ થઈ રહી હતી. જો કે હવે વિવાદાસ્પદ નિયમને દુર કરી દેવામાં આવ્યા બાદ કેટલાક લોકો આને યોગ્ય ગણી રહ્યા છે. કોર્ટે હવે રાષ્ટ્રગીત વગાડવામાં આવે કે કેમ તે નિર્ણય સિનેમા માલિકો પર છોડી દીધો છે. સાથે સાથે રાષ્ટ્રગીત વાગે ત્યારે ચાહકે ઉભા થવુ જોઈએ કે કેમ તે નિર્ણય પણ ચાહકો પર છોડી દેવામાં આવ્યો છે. જો કે હજુ પણ મોટા ભાગના થિયેટરોમાં ફિમ પહેલા રાષ્ટ્રગીત વગાડવા અને તે ગાળા દરમિયાન ઉભા થવાની બાબત સાથે સંબંધિત નિયમો અમલી છે. છેલ્લા કેટલાક સમયથી આ મુદ્દાને લઈને કોઈ



આશરે બે વર્ષ સુધી દરેક ફિલ્મ પહેલા રાષ્ટ્રગીત બજાવવા માટેની બાબત ફરજિયાત હતી : આ નિયમોના કારણે દરરોજ વિવાદ થતા હતા

વિવાદ થયો નથી. મોટા ભાગના થિયેટરોમાં રાષ્ટ્રગીત હજુ પણ વગાડવામાં આવે છે. લોકો પણ તેના સન્માનમાં ઉભા થાય છે. જેથી એમ કહેવુ યોગ્ય ન હશે કે દેશભક્તિ લોકોના દિલમાં હોય છે. સાથે સાથે દેશના લોકોમાં દેશભક્તિ દેખાય પણ છે. તેને બળજબરપૂર્વક લાદી શકાય નહીં. આને લઈને દેખાવા કરવાની કોઈ જરૂર નથી.આ માનવી પ્રકૃતિ છે. સામાન્ય રીતે માનવીને કોઈ ચીજ માટે જેટલી વખત વધારે ફરજ પાડશો તે વ્યક્તિ એ ચીજથી એટલી જ દુર જાય છે. કોઈ બાળકને પણ દાખલા તરીકે જોઈ શકાય છે. બાળકને જે રીતે કોઈ ચીજ માટે ઈન્કાર કરવામાં આવે છે ત્યારે તે ચીજ વધારે કરે છે. દેશપ્રેમ અને ભક્તિ તો એક ભાવ છે. આ ભાવને બળજબરીપૂર્વક જગાવી શકાય નહીં. આ પ્રેમ દર્શનના તમામના તરીકા પણ જુદા જુદા રહ્યા છે. થિયેટરમાં કોઇ રાષ્ટ્રગીત વગાડવામાં આવે અને તે ગાળામાં કોઇ વ્યક્તિ અથવા તો બાળક ઉભા ન થાય તો તેનો અર્થ એ નથી કે કે દેશપ્રેમી નથી. સામાન્ય કિસ્સમાં દરેક વ્યક્તિ દેશપ્રેમની ભાવનાને જુદી જુદી રીતે વ્યક્ત કરે છે. કેટલાક બાળકો સવારમાં ઉઠીને માતા પિતાના ચરણ સ્પર્શ કરે છે અથવા તો તેમને ગળે મળે છે. જ્યારે કેટલાક બાળકો આવુ કરતા નથી. પરંતુ જે બાળકો આવુ કરતા નથી તે બાળકો પોતાના માતાપિતાને પસંદ કરતા નથી અને તેમને માન આપતા નથી તેમ માની લેવા માટેનુ કોઇ કારણ નથી. જો કે છેલ્લા કેટલાક સમયથી સિનેમાના સંબંધમાં આવી ચીજો અને બાબતો ખુબ જોવા મળી રહી છે. ઉરીમાં જે રીતે વિકી કોશલની ભૂમિકાની પ્રશંસા કરવામાં આવી રહી છે. આવી જ રીતે મણિકર્ણિકા ફિલ્મ મારફતે કંગના રાણાવતે પણ પોતાની કુશળતાની સાબિતી ફરી એકવાર આપી દીધી છે. ફિલ્મમાં તે રાની લક્ષ્મીબાઈની ભૂમિકા અદા કરી રહી છે. લક્ષ્મીબાઇ ઈતિહાસના પાનામાં અમર છે. સાહસી રાનીએ જે રીતે અગ્રેજો સામે જંગ ખેલ્યો હતો તેને જોઈને અંગ્રજો પણ આશ્ચર્યચકિત થઇ ગયા હતા. તેની પ્રશંસા કર્યા વગર દુશ્મનો પણ રહી શક્યા ન હતા. જ્યારે થોડાક સમય પહેલા ઉરીમાં સેનાના કેમ્પ પર ભીષણ હુમલો કરીને મોટી સંખ્યામાં જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા પછી ભારતીય જવાનોએ બદલો લેવા માટે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં હુમલો કર્યો હતો. જેમાં અનેક પાકિસ્તાની ત્રાસવાદીઓને કલાકોના ગાળામાં જ ઠાર કરી દેવામાં આવ્યા હતા. ત્રાસવાદીઓના લોન્ચિંગ પેડ ફુંકી મારવામાં આવ્યા હતા. રાતોરાત કાર્યવાહી કરવામાં આવી હતી....

બિનસુરક્ષિત સેક્સ સંબંધોના કારણે જીવલેણ બિમારી થાય છે...

માઈકોપ્લેજમા જેનિટેલિયમ ઘાતક છે

બિનસુરિક્ષત સેક્સ સંબંધના કારણે એચઆઈવી ઉપરાંત અન્ય કેટલીક ગંભીર પ્રકારની બિમારીઓ પણ થઈ શકે છે. હાલના દિવસોમાં માઈકોપ્લેજમા જેનિટેલિયમ (એમજી) નામની બિમારી દુનિયાભરના આરોગ્ય નિષ્ણાંતો માટે ચિંતાજનક બની રહી છે. આની સારવાર ખુબ જ જટિલ અને મુશ્કેલરૂપ બનેલી છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે એચઆઈવીની જેમ જ આ બિમારી પણ રોકેટ ગતિથી વિશ્વના દેશોમાં ફેલાઈ રહી છે. શંકા એવી પણ છે કે આ સુપરબગ સાબિત થઈ શકે છે. એક રિપોર્ટની વાત કરવામાં આવે તો બ્રિટીશ એસોસિએશન ઓફ સેક્યુઅલ હેલ્થ એન્ડ એચઆઈવી દ્વારા સ્થિતીની ગંભીરતાને ધ્યાનમાં લઈને બિમારીના સંબંધમાં એડવાઈઝરી પણ જારી કરી દીધી છે. નિષ્ણાંતોના કહેવા મુજબ માઈકોપ્લેજમા જેનિટેલિયમ બિમારીના કોઈ શરૂઆતી લક્ષણ હોતા નથી. પરંતુ કેટલાક નિષ્ણાંતો દાવો કરે છે કે આ બિમારીના કારણે મહિલા અને પુરૂષોના જનનાંગો પર ઈન્ફેક્શન થઈ જાય છે. આ એટલા ખતરનાક છે કે તેના કારણે મહિલાઓ માતા બનવાની તક ગુમાવી દે છે. તેના શરૂઆતી લક્ષણ સરળતાથી સમજી શકાતા નથી. જેથી સારવારમાં પણ તકલીફ થાય છે. જો સારવાર યોગ્ય રીતે કરવામાં ન આવે તો તેના પર એન્ટી બાયોટિકની અસર પણ દેખાતી નથી.એમજી શુ છે તે અંગે સામાન્ય પ્રશ્નો કરે છે ત્યારે નિષ્ણાંત તબીબો કહે છે કે એમજી એક જીવાણુ તરીકે છે. જેના કારણે પુરૂષો અને મહિલાઓને યુરિનના રસ્તે સોજા થઈ શકે છે. જેના કારણે દુખાવો રહે છે. રક્તસ્ત્રાવ જોવા મળે છે. તાવની અસર રહે છે. એચઆઈવીની જેમ જ બિનસુરક્ષિત સેક્સ સંબંધને આ બિમારીના મુખ્ય લક્ષણ તરીકે જોવામાં આવે છે. જાણકાર લોકો કહે છે કે કોન્ડોમના ઉપયોગથી આ ઈન્ફેક્સનને રોકવામાં મદદ મળી શકે છે. આ બિમારીના સંબંધમાં પ્રથમ વખત માહિતી બ્રિટનમાં ૧૯૮૦માં સપાટી પર આવી હતી. એ વખતે માત્ર એકથી બે ટકા લોકો જ આ ઈન્ફેક્શનથી પ્રભાવિત થયા હતા. એમજીની તપાસ માટે હાલમાં કેટલાક ટેસ્ટ કરવામાં આવ્યા છે. જો કે આટેસ્ટ તમામ હોસ્પિટલમાં ઉપલબ્ધ નથી. આની સારવાર દવા અને એન્ટીબાયોટિકથી શક્ય છે. આ બિમારીની સારવાર માટે એન્ટીબાયોટિક્સ સૌથી ઉપયોગી ગણવામાં આવે છે. જો કે જોવામાં આવ્યુ છે કે તેની સારવારમાં આવનાર એન્ટીબાયોટિક્સ મેક્રોલિડ્સની અસર હવે દુનિયામાં ઓછી થઈ છે. બ્રિટનના લોકોમાં તેના અસરમાં ૪૦ ટકાનો ઘટાડો થયો છે. જે ચિંતાજનક બાબત રજૂ કરે છે. જો કે હાલમાં એક બીજી એન્ટીબાયોટિક્સ એજિથ્રોમાઈસિન ખુબ જ મદદકાર સાબિત થઈ રહી છે. બિમારીના સંબંધમાં લોકો પાસે ખુબ ઓછી માહિતી હોવાના કારણે જટિલ સ્થિતી સર્જાઈ રહી છે. એમજી તરીકે રહેલી રહેલી લાગી ગઈ છે પરંતુ સાથે સાથે તેના મારફતે ઘણી કુટેવ પણ લોકોમાં ફેલાઈ ગઈ છે. યુવા પેઢી ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ પોર્ન સામગ્રીથી ખૂબ જ પ્રભાવિત છે. યુવા પેઢી આના સંકંજામાં આવી ગઈ છે જેથી કુદરતી સેક્સ સંબંધોના બદલે સેક્સના વિકૃત સ્વરૂપને પસંદ કરી રહ્યા છે. આ સંબંધમાં પુરુષોમાં આ પ્રકારની ટેવ હવે મોટાભાગે સામાન્ય બની ગઈ છે. વિકૃત સેક્સને લઈને સર્વેમાં મોટાભાગના લોકોએ પોતાની પ્રતિક્રિયા સ્પષ્ટપણે આપી છે. કેટલાક લોકોનું કહેવું છે કે પ્રેમીને સેક્સવેળા નારાજ કરવાની બાબત કોઈપણ ચલાવી લે તેમ નથી. પોર્ન સાઈટોના સીન મોટાભાગે યુવાપેઢીના દિલોદિમાંગ ઉપર છવાયેલા રહે છે. પોર્ન સાઈટોમાં મોટાભાગે ખૂબસુરત અને ફિટનેશ ધરાવતી યુવતીઓ હોય છે જેથી યુવા પેઢી પણ આ યુવતીઓને આ પ્રકારની પુરુષોથી પ્રભાવિત હોય છે. પોર્ન સાઈટોમાં મોટાભાગે કેમેરાની કરામત હોય છે. પરંતુ યુવા પેઢી આ બાબતથી વાકેફ હોતી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે પોર્ન સાઈટ મારફતે સેક્સની રમત રમી શકાય છે પરંતુ આનંદની લાગણી લેવી અશક્ય છે. આ પ્રકારની વિકૃતિ પણ ઈન્ફેક્શન માટે જવાબદાર છે. આ પ્રકારની ટેવ એમજી તરફ દોરી શકે છે.

આરોગ્ય નિષ્ણાંતો અને તબીબો માટે પણ બિમારી ચિંતાજનક છે : એચઆઈવીની જેમ બિમારી ઝડપથી ફેલાઈ રહી હોવાના હેવાલ છે

મણિકર્ણિકા, ઉરી, પરમાણુ, રાજી ફિલ્મ બની

દેશભક્તિની ફિલ્મોનો દોર

બોલિવુડમાં હાલના દિવસોમાં દેશભક્તિવાળી ફિલ્મોનો દોર ચાલી રહ્યો છે. આવી ફિલ્મોને બોક્સ ઓફિસ પર મોટી સફળતા પણ મળી રહી છે. જેથી નિર્માતા નિર્દેશક આવી જ ફિલ્મો બનાવી રહ્યા છે. માયાનગરીવાળા ફિલ્મ નિર્માતા નિર્દેશક પહેલા પણ દેશભક્તિવાળી ફિલ્મો બનાવતા રહ્યા છે. વિતેલા વર્ષોના અભિનેતા મનોજ કુમારે તો મોટા ભાગે દેશભક્તિ સાથે સંબંધિત ફિલ્મો જ બનાવી હતી. પહેલા પણ દેશભક્તિની ફિલ્મો બનતી હતી અને સુપરહિટ થતી હતી. જો કે હાલમાં આ દોર ચરમસીમા પર છે. પરમાણુ, રાજી, ઉરી ધ સર્જિકલ સ્ટ્રાઇક, મણિકર્ણિકા, કંલક, શમશેરા અને કેસરી જેવી ફિલ્મો રહેલી છે. હાલમાં દેશભક્તિની કેટલીક ફિલ્મો રજૂ થઈ છે. કેટલીક નિર્માણ હેઠળની ફિલ્મો છે. બીજી બાજુ દેશના લોકો પણ કહી રહ્યા છે કે જો દેશભક્ત છો તો જીરો નહીં ઉરી ફિલ્મ નિહાળવામાં આવે. જેમ જુમલાબાજી સોશિયલ મિડિયા પર તરી રહ્યા છે. હવે ફિલ્મો પણ દેશભક્તિ સાબિત કરવા માટે બનાવવામાં આવી રહી છે. હકીકતમાં ઉરી ફિલ્મ ચોક્કસપણે જોવામાં આવે પરંતુ એક શાનદાર ફિલ્મ જોવા માટે દેશભક્તિ સાબિત કરવાની કોઈ જરૂર નથી. ફિલ્મ નિહાળતી વેળા સરહદ પર ફરજ બજાવતા જવાનોના સન્માનમાં તાળી વગાડવામાં આવે તેમાં કોઈ વાંધો નથી. તેમના સન્માનમાં વાત થાય તેમાં કોઈ વાંધો નથી. અભિનેતા વિકી કોશલની શાનદાર અભિનયને લઈને તમામ લોકો પ્રભાવિત થયેલા છે. ઉરી ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા હાંસલ કરી રહી છે. ફિલ્મમાં વિકી કોશલે યાદગાર ભૂમિકા અદા કરી છે. ફિલ્મ તમામ વર્ગના લોકોને પસંદ પડી રહી છે.

અનામત : આર્થિક આધારની જટિલતા

આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે અનામતની જોગવાઈ કરવામાં આવ્યા બાદ પછાત વર્ગો માટે તેની મર્યાદા વધારી દેવા માટેની માંગ ઉઠી

આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે અનામતની જોગવાઈ કરવામાં આવ્યા બાદ હવે પછાત વર્ગ માટે તેની મર્યાદાને વધારી દેવા માટેની માંગ ઉઠી રહી છે. બિહારના મુખ્યપ્રધાન નીતીશ કુમારે કહ્યુ છે કે વર્ષ ૨૦૨૧ ની વસ્તીગણતરી જાતિ આધારિત રહે અને દરેક જાતિને તેમની સંખ્યાના આધાર પર અનામત મળે તે જરૂરી છે. તેમની ટિપ્પણી પણ ચર્ચા જગાવે તે પ્રકારની છે. તેમની ટિપ્પણીનો અર્થ એ છે કે દરેક ઉમેદવારની પ્રતિબદ્ધતા પોતાની જાતિની અંદર રહેશે. સામાન્ય શ્રેણી કોઈ પણ રહેશે નહીં. આર્થિક રીતે પછાત વ્યક્તિને અનામતનો આધાર બનાવવા માટે કેટલીક ગેરસમજ ચોક્કસપણે રહેલી છે. ૧૦૩માં બંધારણીય સુધારાને ડીએમકે દ્વારા મદ્રાસ હાઈકોર્ટમાં પડકાર ફેંકવામાં આવ્યો છે. આ મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચી ગયો છે. કેન્દ્ર સરકારને નોટીસ પણ જારી કરવામાં આવી છે. બંધારણીય સુધારામાં આર્થિક રીતે નબળા વર્ગના લોકોને સરકારી નોકરી અને શિક્ષણ સંસ્થાઓમાં ૧૦ ટકા અનામત આપવાની જોગવાઈ રહેલી છે. કોર્ટ દ્વારા આ મામલે કેન્દ્ર સરકારને નોટીસ જારી કરી છે. કેટલીક અરજી તો સુપ્રીમ કોર્ટમાં પણ રજૂ કરવામાં આવેલી છે. તેમની મુખ્ય દલીલ એ છે કે અનામત કોઈ ગરીબી નાબુદી કાર્યક્રમ નથી. બલ્કે શતાબ્દીઓથી ચાલી રહેલા જાતિગત દુષણને ખતમ કરવાની દિશામાં પહેલ છે. જો ઉચ્ચ જાતિના ગરીબ વ્યક્તિ ગરીબીથી બહાર આવે છે તો તેની સામે ભેદભાવ ખતમ થઈ જાય છે. જ્યારે દલિતો, આદિવાસીઓ અને પછાતની સાથે આવુ થતુ નથી. એટલે કે આર્થિક મજબુત સ્થિતી તેમની સામે ભેદભાવને ખતમ કરી શકતી નથી.જો આવુ થઈ રહ્યુ છેતો આર્થિક અનામત આપવાના લાભ શુ છે તેવા પ્રશ્ન પણ લોકો ઉઠાવે છે. જ્યા સુધી ઉચ્ચ જાતિના ગરીબોનો પ્રશ્ન છે ગરીબીની મર્યાદામાંથી બહાર નિકળી જવાની સાથે જ તેમને અનામતના લાભ મળી શકશે નહીં. દલિતો અને આદિવાસીઓને મુળ બંધારણમાં અનામતની જોગવાઈ કરવામાં આવી છે. જો કે પછાત વર્ગ માટે અનામતની જોગવાઈ બંધારણમાં પ્રથમ સુધારા મારફતે કરવામાં આવી છે. આની જરૂરિયાત એટલા માટે અનુભવાઈ હતી કે વર્ષ ૧૯૫૧માં મદ્રાસ વિરુદ્ધ ચંપકમ દરામરાજન કેસમાં સુપ્રીમ કોર્ટે મદ્રાસ સરકારના એવા આદેશને ફગાવી દીધો હતો જેમાં મેડિકલ કોલેજેમાં ધર્મ અને જાતિના આધાર પર સીટોની વહેંચણી કરવામાં આવી હતી. કોર્ટે આને બંધારણની કલમ ૨૯(૨)નો ભંગ તરીકે ગણ્યોહતો. જેમાં કહેવામાં આવ્યુ છે કે કોઇ નાગરિકને રાજ્ય દ્વારા સંચાલિત અથવા તો નાણાંકીય સહાયતા મેળવતી શૈક્ષણિક સંસ્થાઓમાં ધર્મ, રંગ, જાતિ અથવા ત ભાષા અથવા તો તેમાંથી કોઇ એકના નામના આધાર પર પ્રવેશ મેળવી લેવાથી રોકી શકાય નહીં. જાણકાર લોકો કહી ચુક્યા છે કે દક્ષિણ ભારતના હિતમાં આ સરકારી આદેશને જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. ૧૨મી મે ૧૯૫૧ના દિવસે સંસદમાં બંધારણીય સુધારા બિલ રજૂ કરવામાં આવ્યુ હતુ. વડાપ્રધાન પંડિત જવાહર લાલ નહેરુએ બંધારણની કલમ ૪૬નો હવાલો આપ્યો હતો. જેમાં કહેવામાં આવ્યુ છે કે રાજ્ય નબળા વર્ગના લોકોના શૌક્ષણિક અને આર્થિક હિતોને પ્રોત્સાહન આપવા માટે ખાસ પ્રયાસો કરશે. તેમાં આર્થિક હિતોની વાત પણ કરવામાં આવી છે. તમામ લોકોને એવી માહિતી નથી કે વર્ષ ૧૯૮૫માં બંધારણીય બેંચે વિચારણા કરી હતી કે આખરે પછાત વર્ગ શુ છે. પીઠના પાંચ ન્યાયાધીશોએ જુદા જુદા નિર્ણય લખ્યા હતા. જેમાં એક બાબત ઉભરીને સપાટી પર આવી હતી.

પ્રિયંકા ગાંધી ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ માટે નવા પ્રાણ ફૂંકશે....???

લોકસભાની ચૂંટણી માથે છે ત્યારે જ કૉંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ બહેન પ્રિયંકા ગાંધીને કૉંગ્રેસનાં મહામંત્રી બનાવીને ઉત્તર પ્રદેશના અખાડામાં ઉતારી દીધાં તેના કારણે રાષ્ટ્રીય રાજકારણમાં થોડી ગરમી આવી ગઈ છે. રાહુલે પ્રિયંકાને લોકસભાની ચૂંટણી માટે ઉત્તર પ્રદેશના પૂર્વ વિસ્તારનો હવાલો આપ્યો છે. કૉંગ્રેસે સત્તાવાર રીતે કરેલી જાહેરાત પ્રમાણે પ્રિયંકા ગાંધી ૧ ફેબ્રુઆરીથી પૂર્વ ઉત્તર પ્રદેશમાં મોરચો સંભાળશે ને ત્યાં જ ધામા નાંખીને ફરી વળશે. રાહુલ ગાંધીએ પશ્ચિમ ઉત્તર પ્રદેશ માટે જ્યોતિરાદિત્ય સિંધિયાને સેનાપતિ બનાવ્યા છે. સિંધિયા તો એ પહેલાં ઉત્તર પ્રદેશ પહોંચી જવાના છે ને કામ શરૂ કરી દેવાના છે એ જોતાં ઉત્તર પ્રદેશમાં બીજા રાજકીય પક્ષો પહેલાં જ કૉંગ્રેસ લોકસભાની ચૂંટણી માટે એક્શન મોડમાં આવી જશે.

કૉંગ્રેસમાં આ નિર્ણયના કારણે ઓચ્છવનો માહોલ છે ને કૉંગ્રેસીઓ એવી વાતો કરી રહ્યા છે કે, પ્રિયંકા મેદાનમાં આવ્યાં એટલે હવે ઉત્તર પ્રદેશમાં કૉંગ્રેસ સપાટો બોલાવી દેશે. રાહુલ ગાંધી પોતે પણ એવી જ વાતો કરી રહ્યા છે. રાહુલે તો પ્રિયંકાની નિમણૂક પછી મીડિયા સામે એવું કહ્યું કે, મેં જ્યોતિરાદિત્ય અને પ્રિયંકાને બે-ચાર મહિના માટે ઉત્તર પ્રદેશ નથી મોકલ્યાં પણ હવે પ્રિયંકા ઉત્તર પ્રદેશમાં કૉંગ્રેસના મુખ્યમંત્રીને બેસાડીને જ પાછી આવશે.

રાહુલની વાત અતિ ઉત્સાહમાં કહેવાયેલી છે ને રાજકારણીઓ આ પ્રકારની મોંમાથા વિનાની વાતો કર્યા કરતા હોય છે. પોતાના કાર્યકરોમાં જોશ આવે એ માટે તેમણે આવી વાતો કરવી પડતી હોય છે. રાહુલે પણ એ રીતે જ આ વાત કરી નાંખી છે પણ અત્યારે ઉત્તર પ્રદેશમાં જે રાજકીય માહોલ છે એ જોતાં કમ સે કમ એક દાયકા લગી તો ઉત્તર પ્રદેશમાં કૉંગ્રેસ સરકાર બનાવી શકે તેવા કોઈ અણસાર નથી. આ માહોલમાં કોઈને રાહુલ ગાંધીની વાત કહેતા ભી દીવાના ઔર સુનતા ભી દીવાના જેવી લાગે પણ રાજકારણમાં ક્યારે કોના દાડા ફરી જાય એ નક્કી નથી હોતું. ઉત્તર પ્રદેશમાં ભાજપના કિસ્સામાં એવું થયું જ છે.

ભાજપે ૧૯૯૧ની ચૂંટણીમાં ચોખ્ખી બહુમતી મેળવીને સરકાર રચેલી. એ વખતે જ ભાજપે અયોધ્યામાં રામમંદિરના નિર્માણનો મુદ્દો ચગાવેલો ને એ હઈસો હઈસોમાં ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદ તોડી પડાઈ હતી. બાબરી તૂટી ને ભાજપની એવી બુંદ બેઠી કે ભાજપને એ પછી ઉત્તર પ્રદેશમાં જીતવાનાં ફાંફાં પડી જ ગયેલાં. છેલ્લે છેલ્લે તો ભાજપની એવી હાલત થઈ ગયેલી કે, એ ત્રણ આંકડે પણ નહોતો પહોંચી શક્યો. તેના કારણે બધાએ ઉત્તર પ્રદેશમાં ભાજપના નામનું નાહી જ નાંખેલું ને પછી અચાનક જ ભાજપના દાડા આવી ગયા. ભાજપે કદી કલ્પના પણ નહોતી કરી એવી ત્રણ ચતુર્થાંશ બહુમતી સાથે તેણે સત્તા કબજે કરીને બધાંનાં ડોઘલાં ડૂલ કરી નાખ્યાં.

કૉંગ્રેસના કિસ્સામાં પણ એવું બની શકે કેમ કે આપણે ત્યાં લોકો મતદાન મુદ્દાઓના આધારે કરતા નથી પણ ભાવાવેશમાં કરે છે. કૉંગ્રેસની તરફેણમાં એવો મુદ્દો આવી જાય તો કૉંગ્રેસના પણ દાડા ફરી જાય ને એ પણ ઉત્તર પ્રદેશમાં સરકાર બનાવી દે એવું બની જાય. એવું થશે ત્યારે થશે પણ અત્યારે એવો કોઈ મુદ્દો નથી કે જેના કારણે અચાનક કૉંગ્રેસ પર લોકોને વહાલ ઊભરાઈ આવે. બલકે અત્યારે જે સ્થિતિ છે તેમાં તો કૉંગ્રેસ ઉત્તર પ્રદેશમાં સાવ પતી ગયેલી છે ને તેને બેઠી કરવી એ બહુ કપરું કામ છે. તેમાં પણ પૂર્વ ઉત્તર પ્રદેશમાં તો કૉંગ્રેસનો પત્તો પણ ના લાગે એવી હાલત છે એ જોતાં પ્રિયંકા ગાંધીએ કૉંગ્રેસને ફરી બેઠી કરવી હોય તો રીતસર મજૂરી જ કરવી પડે એમ છે.

પ્રિયંકાને અત્યારે પૂર્વ ઉત્તર પ્રદેશની જવાબદારી સોંપાઈ છે ને આ વિસ્તારમાં કૉંગ્રેસના ચણાય નથી આવતા. આ વિસ્તારમાં વિધાનસભાની ૧૪૧ બેઠકો છે. છેલ્લા એક દાયકામાં કૉંગ્રેસની જે અવદશા થઈ છે તેના પર નજર નાંખશો તો સમજાશે કે પ્રિયંકાએ કૉંગ્રેસને ફરી બેઠી કરવા કાળી મજૂરી કરવી પડે એમ છે. ઉત્તર પ્રદેશમાં કુલ ૭૫ જિલ્લા છે ને તેમાંથી ૨૫ જિલ્લા પૂર્વ ઉત્તર પ્રદેશમાં છે. આ વિસ્તારમાં લોકસભાની ૩૦ બેઠકો છે. નરેન્દ્ર મોદીનો મતવિસ્તાર વારાણસી અને યોગી આદિત્યનાથનો મતવિસ્તાર ગોરખપુર બંને પૂર્વ ઉત્તર પ્રદેશમાં આવે છે.

૨૦૦૯ની લોકસભા ચૂંટણી વખતે ઉત્તર પ્રદેશની વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસે ૨૧ બેઠકો જીતી હતી. એ વખતે કૉંગ્રેસ અજીતસિંહની રાષ્ટ્રીય લોકદળ સાથે મળીને ચૂંટણી લડેલી. અજીતસિંહની પાર્ટીએ ૫ બેઠકો જીતેલી ને એ રીતે કૉંગ્રેસનું ગઠબંધન ૨૬ એટલે કે લગભગ ત્રીજા ભાગની બેઠકો જીત્યું હતું. આ ૨૧ બેઠકોમાંથી ૭ બેઠકો કૉંગ્રેસે પૂર્વ ઉત્તર પ્રદેશમાંથી જીતેલી. એ રીતે કૉંગ્રેસનો દેખાવ ખરેખર સારો હતો. એ પછી ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસે ૩૫૫ બેઠકો પર ને અજીતસિંહે ૪૬ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખેલા. એ વખતે કૉંગ્રેસે ૨૮ બેઠકો જીતેલી જ્યારે અજીતસિંહની પાર્ટીએ ૯ બેઠકો જીતી હતી. કૉંગ્રેસે જીતેલી ૨૮ બેઠકોમાંથી ૧૨ બેઠકો પૂર્વ ઉત્તર પ્રદેશમાંથી જીતી હતી.

કૉંગ્રેસનો દેખાવ ૨૦૦૯ અને ૨૦૧૪માં એટલો શરમજનક નહોતો પણ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીથી તેની બુંદ બરાબરની બેઠી. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કૉંગ્રેસને આખા ઉત્તર પ્રદેશમાં ગણીને બે બેઠકો મળી હતી ને તેમાંથી એક એટલે કે અમેઠી પૂર્વ ઉત્તર પ્રદેશમાં હતી. કૉંગ્રેસને કુલ મતદાનમાંથી માત્ર ૬ ટકા મત મળ્યા હતા. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસને ગણીને ૭ બેઠકો મળી હતી ને તેમાંથી માત્ર ૧ પૂર્વ ઉત્તર પ્રદેશમાં હતી. ટૂંકમાં કૉંગ્રેસ ધોવાઈ તો આખા ઉત્તર પ્રદેશમાંથી ગયેલી પણ પૂર્વ ઉત્તર પ્રદેશમાંથી તો સાવ સાફ થઈ ગયેલી.

ઉત્તર પ્રદેશમાં કૉંગ્રેસની સ્થિતિ કેવી છે તેનું આ ચિત્ર છે ને તેના પરથી જ પ્રિયંકાએ કેવી મહેનત કરવી પડશે તેનો અંદાજ લગાવી જુઓ. અત્યારે જે માહોલ છે એ જોતાં પ્રિયંકાએ રણમાં વહાણ ચલાવવું પડે તેવા દાડા છે. ગમે તેવો આશાવાદી માણસ પણ હતાશ થઈ જાય એવી કૉંગ્રેસની હાલત છે ને પ્રિયંકાએ આવી કૉંગ્રેસને બેઠી કરવાની છે. એક રીતે જોઈએ તો પ્રિયંકાએ મડદામાં પ્રાણ પૂરવાના છે. રાહુલને આ સ્થિતિની ખબર નહીં હોય એવું નથી પણ તેમણે પ્રિયંકાને આ જવાબદારી સોંપી છે એ જોતાં તેમની હિંમતને દાદ દેવી પડે. પ્રિયંકાને પણ સલામ મારવી પડે કે, ધબોનારાયણ થવાની પૂરી ગેરંટી છે છતાં તેણે આ જવાબદારી સ્વીકારવાની હિંમત બતાવી. કૉંગ્રેસમાં નહેરુ-ગાંધી ખાનદાન કહે એ જ સવા વીસ ગણાય છે એ જોતાં રાહુલ પ્રિયંકાને કૉંગ્રેસ જોરાવર હોય એવા કોઈ રાજ્યની જવાબદારી સોંપીને વાહવાહી કરાવી શક્યા હોત. તેના બદલે તેમણે સૌથી અઘરું રાજ્ય જ સોંપ્યું. પ્રિયંકાને પૂછ્યા વિના આ નિર્ણય લેવાયો ના હોય એ જોતાં બંનેએ જીવ પર આવીને રમી લેવાનું નક્કી કર્યું છે એ નક્કી છે.

પ્રિયંકા અને રાહુલનો આ મોટો દાવ શું પરિણામ આપશે એ ખબર નથી પણ પ્રિયંકા માટે કાળાં વાદળોમાં રૂપેરી કોર છે જ. ભાજપે ઉત્તર પ્રદેશમાં ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં સપાટો બોલાવી દીધો તેનું કારણ નરેન્દ્ર મોદીની લહેર હતી. મોદીએ જબરદસ્ત માર્કેટિંગ કરીને પોતાની વિકાસ પુરુષ તરીકેની ઈમેજ ઊભી કરી હતી. તેના કારણે લોકોને એવું લાગેલું કે, મોદી સત્તામાં આવશે તો આ દેશની કાયાપલટ કરી નાંખશે. લોકો મોંઘવારી અને કૉંગ્રેસના ભ્રષ્ટાચારથી કંટાળેલાં તેથી મોદીમાં તેમને દેશના તારણહાર દેખાયેલા તેથી મતદારો તેમના પર ઓળઘોળ થઈ ગયા હતા. મોદીની એ આંધીમાં ઘણા ધુરંધરો ધરાશાયી થઈ ગયેલા. કૉંગ્રેસને સૌથી વધારે નુકસાન થયેલું કેમ કે કૉંગ્રેસ સત્તામાં હતી.

અત્યારે મોદીની કે બીજા કોઈના નામની કે રાજકીય પક્ષની એવી કોઈ આંધી નથી તેથી કૉંગ્રેસ માટે ફરી બેઠા થવાની તક છે. કૉંગ્રેસ ભાજપ જેવો સપાટો બોલાવીને ઉત્તર પ્રદેશમાં ફરી વળશે તેવી આશા જરા વધારે પડતી છે પણ એ કમ સે કમ ૨૦૦૯ જેવો દેખાવ કરી શકે તો પણ ઘણું છે. ૨૦૦૯માં કૉંગ્રેસે લોકસભાની ૨૧ બેઠકો જીતી હતી. એ વખતે જાટ મતબેંક પર વર્ચસ્વ ધરાવતા અજીતસિંહ સાથે જોડાણ કરીને કૉંગ્રેસે શાનદાર દેખાવ કરેલો. અત્યારે પણ માયાવતી-અખિલેશ સંપી ગયાં ને બંનેએ ૩૮-૩૮ બેઠકો વહેંચી લઈને કૉંગ્રેસની સાથે અજીતસિંહને પણ લટકાવી દીધા છે. કૉંગ્રેસ પાસે દલિત અને સવર્ણોની મતબેંક છે ને તેમાં અજીતસિંહની જાટ મતબેંક જોડાય તો બંને ભેગાં મળીને બે આંકડે તો પહોંચી જ જાય એવી હાલત છે. પ્રિયંકા એટલું કરાવી શકે તો એ પણ મોટી સિદ્ધિ ગણાશે.

ચંદા-દિપક-ધૂતની વિરુદ્ધ કેસ કર્યો પરંતુ ૨૮૦૦ કરોડની એનપીએનું શું થશે સાહેબ..?

ખાનગી બેન્કિંગ ક્ષેત્રમાં આઇસીઆઇસીઆઇ નામ ઘણું સારુ હતુ પરંતુ આ બેન્કની મહિલા સીએમડી ચંદા કોચરે જે કર્યું તેનાથી લાગે છે કે ખાનગી કોર્પોરેટ બેંકોમાં બધુ બરાબર નથી. બેંકોની એનપીએ કેવી રીતે વધે છે તેનો ખુલાસો પણ થયો. તપાસ એજન્સી સીબીઆઇએ ચંદા કોચર,તેમના પતિ મહાશય દિપક કોચર અને જે કંપનીએ ચંદાએ ૬૪ કરોડના ચંદાના બદલામાં ૩૨૫૦ કરોડની લોન આપી તે કંપનીના માલિક વેણુગોપાલ ધૂતની વિરુદ્ધ વિશ્વાસઘાત,અપરાધિક ષડ્યંત્રણ અને ભ્રષ્ટાચારનો કેસ દાખલ કર્યો છે. કોઇ ફિલ્મની પટકથાની જેમ ખેલ ખેલવામાં આવ્યો. દેખાવમાં ભોળી લાગતી આ મહિલાએ ગુનો કર્યો છે. તેને જોતા સરકાર બધી જ ખાનગી બેંકોની એ તપાસ કરે કે આખરે એનપીએ વધી ગઇ કેવી રીતે...? ચંદા કોચરે વીડિયોકોન કંપનીને જે ૩૨૫૦ કરોડની લોન અપાવી તેમાંથી પછીથી લગભગ ૨૮૦૦ કરોડની લોન એનપીએ એટલે કે નોન પરફોર્મિંગ એસેટ્સમાં નાંખી દેવામાં આવી તેનો અર્થ કે ધુતની કંપની ૨૮૦૦ કરોડ પાછા નથી આપી શકતી એટલા માટે આ નાણાં હવે ના મળી શકે. તપાસમાં જાણ થઇ કે આ એક કાવતરુ હતુ અને ૬૪ કરોડનો ચંદા લઇને ચંદા કોચરે બેંકને ૨૮૦૦ કરોડનો ચુનો ચોપડ્યો એટલે કે ૬૪ કરોડના બદલામાં ધુતને ૨૮૦૦ કરોડનો ફાયદો થયો..?

કોચર દંપતિ પર એફઆઇઆર દાખલ થઇ છે. ધુતની વિરુદ્ધ કેસ



દાખલ થયો છે. પરંતુ મામલો ફક્ત અહીં સુધી અટકવો ના જોઇએ બની શકે છે કે પુરાવાઓના આધારે ચંદા અને અન્યોને સજા થશે પરંતુ આ બધો તપાસ એજન્સી પર આધાર છે. માની લેવામાં આવે કે સીબીઆઇએ વ્યવસ્થિત રીતે તપાસ કરી અને ચંદા કોચરને જેલા સળિયા પાછળ રહેવું પડે પરંતુ ધુતને આપેલી લોનમાંથી જે ૨૮૦૦ કરોડના નાણાં એનપીએ ખાતામાં નાખી દેવામાં આવી તેની વસૂલાત પણ થવી જોઇએ. આ નાણાં ચંદા એ ચંદો એકઠો કરી ધુતને નથી આપી. આ નાણાં બેંકના ખાતેદારોના છે. ખાતેદારોના ખાતામાં સીધે સીધા નથી આપ્યા પરંતુ ખાતેદારોના જમા નાણાંમાંથી આપવામાં આવ્યા છે. બેંકને ૨૮૦૦ કરોડનું ભારે નુકસાન ઉઠાવવું પડ્યુ અને પ્રથમ દ્રષ્ટિએ આના માટે બેન્કની તત્કાલિન સીએમડી ચંદા કોચર જવાબદાર કહી શકાય છે. ધુતની કંપની હજુ પણ બજારમાં છે. ત્યારે તેની સ્થાવર જંગમ મિલકત જપ્ત કરીને ૨૮૦૦ કરોડના નાણાં વસૂલ કરવામાં આવે અને એનપીએના ખાતામાંથી ૨૮૦૦ કરોડ ઓછા કરવામાં આવે.

કેટલાક સમય પહેલા ચંદા કોચર સત્તાની ગલીઓમાં ચમકી રહી હતી. મોટા મોટા નેતાઓ સાથે મંચ ઉપર નજરે આવી રહી હતી તેમના રાજકિય સંબંધોની પણ ભાળ મેળવવી જોઇએ કે આખરે તેમની આટલી બધી કિંમત મોટો ગોટાળો કરવા કેવી રીતે થઇ..? પરંતુ તેની તપાસ અત્યારે થાય તેવું નથી લાગતુ જેમણે ચંદાના કાળા કરતૂતોનો ભાંડો ફોડ્યો તે વ્હિસલ બ્લોઅર પણ તેમના રાજકીય સંબંધોનો ભાંડો ફોડશે. સરકાર આ કેસને એ રીતે જુએ કે જે એનપીએની નાણાં ૨૮૦૦ કરોડ છે તે ચંદા કોચર અને ધુતથી વસૂલવામાં આવે જેથી ખાનગી કે સરકારી બેંકોના સીએમડી આ પ્રકારના ધોખા ધપલા ના કરે. જો ફક્ત જેલની સજા ન થઇ ગઇ તો જે નાણાં એનપીએ થઇ ગયા તેનું શું...? ધુતની કંપનીને જાણી જોઈને આર્થિક લાભ આપવામાં આવ્યો જેમાં આ બધા સંકળાયેલા હતા એટલા માટે જો એનપીએના નાણાં કોચર ધુતથી વસૂલવામાં આવે તો કોર્પોરેટ ક્ષેત્રમાં સરકારની એક મોટી સફળતા માનવામાં આવશે. નહિ તો થશે એવું કે જેલની સજા કાપવાની સાથે જે નાણાં એનપીએ થઇ ગયા અને જે એમની પાસે જ હશે તેનાથી તેઓ કેસમાં છૂટી પણ શકે છે. અથવા તો જેલમાં રહેવા છતા પૈસાના જોરે તેઓ તમામ સુખ સુવિધા લઇ શકે છે કે જે જેલની બહાર મળે છે. સરકાર આને એક ઉદાહરણ રૂપે લે અને કોઇ ચંદા કે ચમ્પા,તારા પોતાની બેંકોને કેટલાક પૈસાના બદલામાં કરોડોનો ચુનો ના ચોપડે ચંદાએ કોર્પોરેટર ખાનગી બેંકોના ક્ષેત્રમાં મહિલાઓનું નામ પૂરે પૂરુ ધુળધાણી કરી નાંખ્યુ..!

લોકસભાની આગામી ચૂંટણી રસાકસીભરી બનવાની દુંદુભિ સંભળાઈ રહી છે

રાજકીય પંડિતોની ધારણાથી વિપરીત કૉંગ્રેસ રોજ વધુને વધુ જોરમાં આવતી લાગે છે. દેશનો સૌથી વધુ જૂનો રાજકીય પક્ષ બરાબરની આળસ ખંખેરીને આક્રમક બની રહ્યો છે. કૉંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી જાણે એકદમ બદલાઈ ગયા છે. લાંબી તૈયારીનું પરિણામ હોય કે તાજેતરની સફળતાનો પ્રભાવ, પણ રાહુલબાબા આત્મવિશ્વાસથી છલોછલ દેખાય છે.

ગુરુવારે રાહુલ ગાંધીએ દુંદુભિ ફૂંકી કે અમે દેશભરમાં પૂરા જોશથી લોકસભાની ચૂંટણી લડીશું. કેન્દ્રમાં ફરી યુ.પી.એ.ની સરકાર આવશે અને ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં અમે જ જીતવાના. કબૂલ કે આવું બોલવાના પૈસા લાગતા નથી.

પરંતુ બુધવારે પ્રિયંકા ગાંધી વાડરાના રાજકારણ પ્રવેશનું પત્તુ ઉતરીને કૉંગ્રેસે પોતાની ગંભીરતા દર્શાવી દીધી છે. આમ થવાની ખૂબ લાંબા સમયથી ચર્ચા હતી. પ્રિયંકાના રાજકારણમાં સત્તાવારપણે સક્રિય થવાથી કૉંગ્રેસીઓમાં ઉત્સાહનો સંચય થવો સ્વાભાવિક છે. સામે પક્ષે ભાજપે અપેક્ષિત પ્રતિભાવ આપ્યા છે. આશ્ચર્યજનક રીતે શિવસેનાએ ભળતા જ પ્રતિસાદ આપ્યા છે: 'પ્રિયંકાના આવવાથી કૉંગ્રેસને મદદ મળશે. પ્રિયંકા તેમના દાદી ઈંદિરા ગાંધી જેવા દેખાતાં હોવાથી કૉંગ્રેસને એનો ચોક્કસ લાભ મળશે. તેમની ભાષણ કરવાની અને લોકો સાથે હળીમળી જવાની આવડતથી પાર્ટીને ફાયદો થશે.' આવું નિવેદન કેન્દ્ર અને રાજ્યમાં ભાજપનો સૌથી જૂનો સાથી પક્ષ કરે છે હો.

ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી અને માયાવતીના બહુજન સમાજ પક્ષે યુતિ કરીને કૉંગ્રેસની ઘોર અવગણના કરી હતી. આની સામે ચૂપ બેસી રહેવાને બદલે કૉંગ્રેસે રાજ્યની લોકસભાની બધી બેઠકો પર લડવાની જોશભરી જાહેરાત કરી દીધી છે. આની સાથોસાથ અમેઠીમાં રાહુલને આવતીકાલના વડા પ્રધાન ગણાવાય એ કૉંગ્રેસના નવાસવા જુસ્સાનું દ્યોતક છે. પ્રિયંકાને મેદાનમાં ઉતારવા માટે કૉંગ્રેસે સ્પેશ્યલ ગૅમ પ્લાન ઘડ્યો જ હોય. ઉત્તર પ્રદેશ ઉપરાંત આંધ્ર પ્રદેશમાં કૉંગ્રેસ પાર્ટી ખોંખારો ખાઈને ટટ્ટાર ઊભી રહી ગઈ છે. આ રાજ્યમાં લોકસભા અને વિધાનસભાની બધી બેઠકો એકલે હાથે લડવાની હિંમતભરી ઘોષણા કરી છે. હકીકતમાં તો ભાજપના સૌથી મોટા ગઢ ગણાતા ગુજરાતમાં કૉંગ્રેસે ઊભા થવાની શરૂઆત કરી. ત્યારબાદ કર્ણાટક આંચકી લીધું. છેલ્લે ભાજપ પાસેથી ત્રણ રાજ્યો પડાવી લીધા. લોકો કહે છે એમ આ પરિણામો કદાચ કૉંગ્રેસ માટેનો પ્રેમ ન હોય, પણ ભાજપ સામેની નારાજગી હોઈ શકે, પરંતુ ત્રણ રાજ્યોની વિધાનસભામાં મળેલી જીત બાદ કૉંગ્રેસના ઘોડામાં થનગનાટ ખૂબ વધી ગયો. આ અગાઉ તો કેવી કંગાળ સ્થિતિ હતી કૉંગ્રસેની? નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા ત્યારે ઉત્સાહના નાયેગ્રા વચ્ચે બૂમાબૂમ સંભળાતી હતી કે ૨૦૨૪ સુધી તો આ માણસને કોઈ હઠાવી નહીં શકે. દાયકાઓથી સત્તાની બંધાણી કૉંગ્રેસ એટલી ભૂંડી રીતે હારી હતી કે આવું માનવાવાળા વધતા ગયા, પરંતુ બહુ જ જલદી ભાજપ માટે પહેલો આંચકો આવ્યો સાવ નજીકમાંથી. નવી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં 'આપ'વાળા અરવિંદ કેજરીવાલ અચાનક બધાના 'બાપ' સાબિત થયા, પરંતુ એને અપવાદ ગણીને હળવાશથી લેવામાં આવ્યું.

ત્યારબાદ ગંગા-યમુનામાં ઘણાં પાણી વહી ગયા. કૉંગ્રેસનું ધોવાણ વધતું ગયું. કૉંગ્રેસ પાર્ટી નીતનવા ગતકડાં કરતી રહી. રાહુલ ગાંધીને પ્રમુખ બનાવી દેવાયા છતાં ધાર્યા પરિણામ ન આવ્યા. એક પછી એક રાજ્ય હાથમાંથી જતા ગયા. ઘણાંએ તો કૉંગ્રેસના નામનું સાવ નાહી નાખ્યું, પરંતુ મોદી સરકારે તંગ દોર પર નર્તન કરવાનું હતું. રોજબરોજની સમસ્યાઓ ઉકેલવા ઉપરાંત આપેલા વચન પૂરા કરવાની જવાબદારીનો બોજ ભલભલાની કમર બેવડ વાળી નાખે તેવો હતો.

ચૂંટણી માટે વચન આપવામાં અને એને સાકર કરવા વચ્ચે ઘણો મોટો પુલ હોય એ ફરી સાબિત થયું. અળવીતરા પાડોશી પાકિસ્તાન સાથેના સંબંધ, નોટબંધી, જી.એસ.ટી., બૅંકોના ઉઠમણાં, વિજય માલ્યા, નીરવ મોદી અને મેહુલ ચોકસીના કિસ્સા અને મોંઘવારી જેવા અનેક મુદ્દા મોદી સરકાર માટે મુશ્કેલી સર્જતા રહ્યાં. રાફેલ વિવાદમાંય ઘણો ઘોંઘાટ થયો. આમાં સત્ય આક્ષેપ અને ખુલાસા વચ્ચે ક્યાંક હોઈ શકે.

પ્રાદેશિક પક્ષોને બદલે રાષ્ટ્રીય પક્ષ મજબૂત બને એ એકંદરે રાષ્ટ્રના હિતમાં છે. લોકશાહી અને દેશની એકતા-અખંડિતતા માટે ઑક્સિજન સમાન છે. આગામી ચૂંટણીમાં કોનો ઘોડો આગળ રહેશે એ કહેવું ઘણું વહેલું ગણાશે, પણ મજબૂત વિરોધ પક્ષ કાયમ આવકાર્ય ગણાય. આ સિવાય એક સમયે એકતરફી લાગતા રાજકીય જંગમાં ધીરે ધીરે ગરમાવો વધી રહ્યો છે. આવા કપરા સમયમાં થશે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહના નેતૃત્વ અને વ્યૂહકૌશલની ખરી કસોટી.

ધ્રુજતા પંજામાંથી મુઠ્ઠી વાળવાની કૉંગ્રેસની નવી શક્તિ મતમાં જેટલી અને જ્યારે પરિવર્તિત થાય ત્યારે ખરી, પણ અત્યારે લોકસભાની આગામી ચૂંટણી રસાકસીભરી બનવાની દુંદુભિ સંભળાઈ રહી છે. આનો સીધો અર્થ એટલો જ કે પ્રજા અને પ્રજાતંત્ર લાભમાં રહેવાના.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે આહવા ખાતે નવી કલેક્ટર કચેરીનું લોકાર્પણ

જ્યાં માનવી ત્યાં સુવિધાના સૂત્રને ચરિતાર્થ કરવા માટે રાજ્ય સરકાર કૃતનિર્ણયી છે : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

આહવા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત એ માત્ર ભારતનું જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પણ વિકાસશીલ રાજ્ય તરીકે ઉભરી રહ્યું છે. ત્યારે વર્ક કલ્ચરને બદલીને કર્મચારીઓને કર્મયોગી બનાવવાનું અભિયાન સરકારે આરંભ્યુ છે તેમ આહવા ખાતે નવી કલેક્ટર કચેરીનું લોકાર્પણ બાદ આયોજિત કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું.

પારદર્શિતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતા જેવા મુખ્ય ચાર આધાર સ્તંભો ઉપર કાર્યરત રાજ્ય સરકારે પ્રજાજનોની લાગણી, આશા, અપેક્ષાઓ અને સુખદુ:ખને કેન્દ્ર સ્થાને રાખી, જ્યાં માનવી ત્યાં સુવિધાના સૂત્રને ચરિતાર્થ કરવાનું ભગિરથ કાર્ય ઉપાડયુ છે તેમ જણાવી, છેવાડાનો માનવી પણ સ્વમાનભેર આગળ વધે તે માટેના માર્ગ આ રાજ્ય સરકારે ખોલ્યા છે તેમ જણાવ્યું હતું.

સૌનો સાથ-સૌનો વિકાસ એ ઉદેશને લક્ષ્ય સ્થાને રાખી રાજ્ય સરકારે ડાંગ જિલ્લામાં થયેલી ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી, જિલ્લાને શ્રેષ્ઠતાની નવી ઊંચાઈએ લઈ જવા માટે સૌને ખભેખભા મિલાવીને કામ કરવાનો અનુરોધ કર્યો હતો.

ડાંગના યુવાનોમાં ધરબાયેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના પ્રયાસના ભાગરૂપે, અહીં સ્પોર્ટ્સ એકેડમી સહિતની તમામ સુવિધાઓ માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે તેમ જણાવી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગરીબોના ઉત્કર્ષ માટે પણ રાજ્ય સરકાર કૃતનિ?યી છે તેમ ઉમેર્યું હતું.

રોટી-કપડા અને મકાનથી એક પણ વ્યકિત વંચિત ન રહે તે દિશામાં કાર્ય કરતી સંવેદનશીલ સરકારે, વચનના વાયદા નહીં પરંતુ સાચા અર્થમાં જરૂરિયાતમંદોને લાભાન્વિત કરવાનું યજ્ઞકાર્ય આરંભ્યુ છે તેમ જણાવ્યું હતું ગરીબ-વંચિત-શોષિત પ્રજાજનોના સર્વાંગિણ વિકાસ માટે પ્રતિબદ્ધ રાજ્ય સરકારના નિર્ણાયક પગલાઓનો ખ્યાલ આપતા શ્રી વિજયભાઈ રૂપાણીએ આદિવાસી પ્રદેશમાં પેસા એક્ટનો સંપૂર્ણ અમલ થાય તે દિશામાં સરકાર આગળ વધી રહી છે તેમ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ડાંગ જિલ્લાના પ્રજાજનોને તેમના મહેસૂલી અધિકારો મળી રહે તે દિશામાં રાજ્ય સરકાર હકારાત્મકતાથી વિચાર કરી રહી છે તેમ જણાવી, આદિવાસી વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણ, તબીબી શિક્ષણ જેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાની સરકારની ઝુંબેશનો પણ ખ્યાલ આપ્યો હતો. તેમણે ડાંગ જિલ્લામાં પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ સાથે સ્થાનિક રોજગારીના સર્જનની રહેલી ઉજળી તકોનો ખ્યાલ આપી, અહી પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળે તે દિશામાં રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે તેમ પણ જણાવ્યું હતું.

છેવાડાના માનવીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી શકાય તેવા આશયથી રાજ્યમાં ખેલ મહાકુંભ જેવા રમતોત્સવનો પ્રારંભ કરાવનારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની દીર્ઘદ્રષ્ટિને કારણે, આજે ડાંગ જેવા વિસ્તારમાંથી પણ ગુજરાત અને દેશને ગૌરવ અપાવનારા ખેલરત્નો મળી શકયા છે તેમ જણાવતા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે, રાજ્યના રમતગીરોએ રમતગમત ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિઓનો ખ્યાલ આપ્યો હતો. સાપુતારા ખાતે તૈયાર કરાયેલા સ્પોર્ટ્સ હોસ્ટેલ અને મલ્ટીપર્પઝ ઈન્ડોર હોલનો લાભ લઈને, અન્ય પ્રતિભાશાળી રમતવીરોને પણ તેમની ક્ષમતાનો વિકાસ કરવાની તક સાંપડશે તેમ જણાવી શ્રી પટેલે જુદી જુદી ખેલ પુરસ્કાર યોજનાઓની પણ જાણકારી આપી હતી.

ડાંગ જેવા દુર્ગમ વિસ્તારમાં પાયાકિય સુવિધાઓના વિકાસ સાથે અહીંના પ્રજાજનોએ પણ ખભેખભા મિલાવીને વિકાસમાં સહભાગીદારી નોંધાવી છે, તેમ જણાવતા ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી રમણલાલ પાટકરે ડાંગના યુવાનોમાં રહેલી પ્રતિભા, ક્ષમતાને નિખારી દેશને ગૌરવ અપાવ્યું છે. સાથે શૈક્ષણિક ક્ષેત્રો પણ ઉત્કૃષ્ટ પરિણામ મેળવીને જિલ્લાના વિદ્યાર્થીઓએ તેમની ક્ષમતાનો પરિચય આપ્યો છે તેમ જણાવ્યું હતું. સ્વરોજગારી ક્ષેત્રો પણ ડાંગના પ્રજાજનો મહેનત કરીને આગળ વધી રહ્યાં છે તેમ જણાવી રાજ્ય વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી રમણલાલ પાટકરે નિર્ણાયક અને પારદર્શક સરકારના વિકાસલક્ષી કાર્યક્રમોની ઝાંખી રજુ કરી હતી.

ડાંગ જિલ્લાની વહિવટી અને વિકાસલક્ષી કામગીરીની જાણકારી આપતા ડાંગ કલેક્ટર શ્રી બી.કે.કુમારે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. મહાનુભાવોનું અહી પુસ્તક, રૂમાલ અને સ્મૃતિચિન્હ અર્પણ કરીને પણ ભાવભર્યુ અભિવાદન કરાયુ હતું. આહવાના આંગણે પધારેલા મુખ્યમંત્રીશ્રીનું ડાંગ જિલ્લા ભાજપા સંગઠન સહિત આહવા તાલુકા પંચાયત, આહવા ગ્રામ પંચાયત, સાપુતારા હોટલ એસોસિએશન, પ્રયોશા પ્રતિષ્ઠાન સહિતના સંગઠનોએ પુષ્પમાળા અને સ્મૃતિભેટ આપી સ્વાગત કર્યું હતું. વિવિધ દાતાઓએ મુખ્યમંત્રીશ્રીને કન્યા કેળવણી નિધિના ચેકો પણ અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે આહવા ખાતે નવી કલેક્ટર કચેરીના લોકાર્પણ બાદ મુખ્ય સ્ટેજ ઉપરથી ગિરિમથક સાપુતારા ખાતે તૈયાર કરાયેલા સ્પોર્ટ્સન હોસ્ટેલ અને મલ્ટીપર્પઝ ઈન્ડોર હોલ, તથા આહવા ખાતે તૈયાર કરાયેલા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનું ડીજીટલી લોકાર્પણ કરાયુ હતું. આ ઉપરાંત ઈકો ટુરિઝમ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત ગીરાધોધ અને ગીરમાળ ધોધ ખાતે હાથ ધરાનાર પાયાકિય વિકાસકામોનું પણ મુખ્યમંત્રીશ્રીએ ડીજીટલી ખાતમુહૂર્ત કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે મુખ્ય સ્ટેજ ઉપરથી વન વિભાગ સહિત આદિજાતિ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, અને પુરવઠા વિભાગના જુદા જુદા લાભાર્થીઓને વિવિધ લાભો પણ એનાયત કરવા સાથે, ડાંગ જિલ્લાની વેબસાઈટનું લોન્ચિંગ અને વિકાસ વાટિકા પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યુ હતું. આહવાના આ કાર્યક્રમમાં વલસાડ/ડાંગના સાંસદશ્રી ડૉ.કે.સી.પટેલ, ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી બીબીબેન ચૌધરી, રાષ્ટ્રીય પર્યટન વિભાગના ડીરેક્ટર શ્રી કરસનભાઈ પટેલ સહિતના હોદેદારો, પદાધિકારીઓ, ડાંગના માજી રાજવીઓ, સ્પોર્ટ્સગ ઓથોરિટી ઑફ ગુજરાતના સચિવ શ્રી દિનેશ કાપડીયા, પોલીસ અધિક્ષક શ્રીમતી શ્વેતા શ્રીમાળી, નાયબ વન સંરક્ષકો સર્વશ્રી અગ્નિશ્વર વ્યાસ અને દેવેન્દ્રકુમાર ત્રિવેદી સહિતના ઉચ્ચાધિકારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. ભાવસભર પ્રાર્થના તથા સ્વાગત ગીતથી શરૂ થયેલા મુખ્યમંત્રીશ્રીના આહવાના કાર્યક્રમ દરમિયાન રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની પણ છટાદાર રજુઆત કરવામાં આવી હતી. કાર્યક્રમના ઉદ્ઘોષક તરીકે શ્રી શૈલેષ માહલા, સંદિપ પટેલ અને બીજુબાલા પટેલે સેવા બજાવી હતી. કાર્યક્રમના અંતે આભારવિધી જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે. વઢવાણિયાએ આટોપી હતી.

વલસાડ ખાતે નેશનલ ચાઈલ્ડ-ડેની ઉજવણી અંતર્ગત મહારેલી યોજાઈ



વલસાડ

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય પ્રેરિત 'બેટી બચાવો-બેટી પઢાવો' અભિયાન અંતર્ગત યોજાયેલી મહારેલીને વલસાડ જિલ્લા પંચાયત ખાતેથી વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલી વલસાડ શહેરમાં બેટી બચાવો-બેટી પઢાવો, દીકરો-દીકરી એક સમાન વગેરે સૂત્રોચ્ચાર અને બેનરો સાથે કલ્યાણબાગ, આવાંબાઈ હાઈસ્કૂલ થી હાલર રોડ થઈ પરત જિલ્લા પંચાયત ખાતે આવી પહોંચી હતી. જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ ઓડિટોરીયમ ખાતે યોજાયેલા સંમેલનને સંબોધતા વનમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, બેટી બચાવો બેટી પઢાવો અભિયાનને સાર્થક બનાવવા જનજાગૃતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. આરોગ્યકર્મીઓ અને આંગણવાડી વર્કરો તેમની કામગીરી માટે જિલ્લાના દરેક ગામોના ઘરે-ઘરે સુધી પહોંચે છે, તેની સાથે રાજ્ય સરકારની દરેક યોજનાઓની જાણકારી આપી તેનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે કડીરૂપ બની જાગૃતિ લાવવા અનુરોધ કર્યો હતો. આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં અગ્રેસર હોવાથી કોઈપણ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવા માટે કટિબધ્ધ બની છે. મહિલાઓની સુરક્ષા માટે ૧૮૧ હેલ્પલાઈન ૨૪ કલાક કાર્યરત છે. મહિલાઓને સમાનતાનો હક્ક આપી કુટુંબમાં પણ સરખો હિસ્સો મળે તેવા કાયદો અમલી બનાવાયો છે. મહિલાઓના નામે કોઈપણ સ્થાવર મિલકત ખરીદો તો તેમાં સ્ટેમ્પ ડ્યુટી માફી આપવામાં આવે છે, જેના થકી તેઓ ઘરના માલિક બની છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. આ અવસરે બેટી બચાવો વિડીયો ફિલ્મ, બેટી વધાવો કૃતિ રજૂ કરાઈ હતી. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના પરિચય અંગે ટૂંકી ફિલ્મનું નિદર્શન પણ કરાયું હતું. બેટીબચાવો-બેટી વધાવો અંગે શપથ લેવામાં આવ્યા હતા. ગ્રામ પંચાયત ખાતે દીકરા-દીકરીનું પ્રમાણ કેટલું છે તે સૌ જાણી શકે તે માટે મૂકવામાં આવનારા બોર્ડનું તેમજ એક અથવા બે દીકરી બાદ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવનારી માતાઓને મંત્રીશ્રીના હસ્તે ચાંદીનો સિક્કો અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આંગણવાડી અભ્રામાની બહેનોએ પ્રાર્થના રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉન્નતિ દેસાઈએ કર્યું હતું. આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, સાંસદ ડા.કે.સી.પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ પી. દેસાઈ, સિવિલ સર્જન આર.એમ.જૈયા, આઈ.સી.ડી.એસ.ના જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ડા.રાજેશ બી.પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ પ્રિયંકા પટેલ, મહિલા અને બાળ વિકાસ તેમજ યુવા પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષા ભાનુબેન પટેલ, આરોગ્ય કાર્યકરો, જિલ્લા તાલુકા પંચાયત સભ્યો વગેરે હાજર રહ્યા હતા.

કેબ્રિક્સ ફેક્ટરી સામે કસ્ટમ-એક્સાઈઝ કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

સુરત

ભરુચની અંકલેશ્વર જીઆઈડીસી ખાતેની નર્મદા ફેબ્રિક્સ ફેક્ટરીના સંચાલકો સામે સેન્ટ્રલ એક્સાઈઝ એન્ડ કસ્ટમ દ્વારા કરવામાં આવેલા આઈપીસી ૪૦૬,૧૧૪ મુજબના કેસમાં નામદાર કોર્ટે ચાર આરોપીઓને પૂરતા પુરાવાઓના અભાવે નિર્દોષ છોડયા હતા.

આ કેસની પ્રાપ્ત માહિતી અનુસાર ભરુચના અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં નર્મદા ફેબ્રિક્સ ફેક્ટરીમાં ગત તા.૨૦મી ફેબ્રુઆરી ૨૦૦૩ના રોજ સેન્ટ્રલ એક્સાઈઝ ઓફિસરોની એક ટીમે દરોડો પાડી તપાસ હાથ ધરી હતી.જેમાં નર્મદા ફેબ્રિક્સ પ્રા.લી.ના હાજર સ્ટોકની તપાસ દરમિયાન ૪,૬૬,૬૮૧.૨૭ મીટર કાપડ કિંમત રૂા.૭૦ લાખનું માલની એક્સાઈઝ રજીસ્ટરમાં નોંધ કર્યા વિનાનું જણાયું હતું.જેથી એક્સાઈઝ અધિકારીઓએ આ માલને સીઝ કર્યુ હતું.ત્યારબાદ ગત તા.૪-૬-૨૦૦૩ના રોજ સેન્ટ્રલ એક્સાઈઝ ઓફિસર્સની ટીમે મજુકર ફેક્ટરીની ફરી મુલાકાત લેતા અગાઉ જપ્ત કરેલ મુદ્દામાલ અંગે તપાસ કરતાં આરોપીએ ૪,૬૬,૬૮૧.૨૭ મીટર મેઈન રોડ પ્રોસેસ ફેબ્રિક્સ કિંમત રૂા.૭૦ લાખનો અધિકૃત અધિકારની મંજુરી વિના બારોબાર નિકાલ કરી નાંખ્યું હતું.તેમણે ખુલ્લા બજારમાં આ માલને વેચી નાંખેલ હતું.જેથી એક્સાઈઝ અધિકારીઓએ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે મથકે આઈપીસી ૪૦૬,૧૧૪ મુજબની ફરિયાદ આપતાં,પોલીસે કંપનીના રામકુમાર છંગારામ અગ્રવાલ,જ્ઞાન પ્રકાશ રામકુમાર ગુપ્તા,મીનાદેવી મનમોહન ગુપ્તા,દેવકીદેવી રામકુમાર ગુપ્તાનાઓની ધરપકડ કરી હતી.જે તમામ આરોપીઓનો જામીન પર છુટકારો થવા પામ્યો હતો.

આ કેસમાં પોલીસે નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરતાં કેસની ટ્રાયલ ચાલતા આરોપીઓ તરફે સુરતના એડવોકેટ એમ. અશરફ ગાજીયાનીએ હાજર રહી આરોપીઓનો બચાવ કર્યો હતો.જેમની દલીલોને ગ્રાહ્ય રાખી નામદાર કોર્ટે તમામ આરોપીને વ્યાજબી શંકાને લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવ્યો હતો.









૧૦૦ ફૂટ ઊંચાઈએ ૨૪ કલાક આજીવન લહેરાશે ધ્વજ, આરપીએફ જવાન તૈનાત

સુરત

સુરતના રેલવે પરિસરમાં ગણતંત્ર દિન ૨૬મી જાન્યુઆરીના એક દિવસ પહેલા જ ૧૦૦ ફૂટની ઊંચાઈ ઉપર ૨૦ બાય ૩૦ ફૂટનો મસમોટો રાષ્ટ્રધ્વજ સાંસદ દર્શના જરદોષના વરદ હસ્તે ફરકાવવામાં આવ્યો હતો. વંદેમાતરમ અને ભારત માતાની જયના ઘોષ અને રાષ્ટ્રગીતના ગાન સાથે તમામ રેલવે અધિકારીઓ, ભાજપ આગેવાનોની હાજરીમાં તિરંગો ફરકાવાયો હતો. જે હવે ૨૪ કલાક આજીવન ફરકતો રહેશે.



દેશના તમામ એ-ગ્રેડ રેલવે સ્ટેશન પરિસરમાં ડિસેમ્બર સુધીમાં ૧૦૦ ફૂટની ઊંચાઈએ કાયમી ધોરણે રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો આદેશ કેન્દ્ર સરકાર દ્વારા કરાયો હતો. જેનું પાલન કરતા અમદાવાદ, ઈન્દોર, મુંબઈ સેન્ટ્રલ પર ૧૦૦ ફૂટની ઊંચાઈએ રાષ્ટ્રધ્વજ ફરકાવી દેવાયો છે. આજે સુરત ઉપરાંત બાન્દ્રા ટર્મિનસ, બોરીવલી અને અંધેરીમાં એક સાથે ફરકાવવાયો હતો.

આ પ્રત્યેક રાષ્ટ્રધ્વજના ઈન્સ્ટોલેશન પાછળ ૧૦ લાખ રૂપિયાનો ખર્ચ કરાયો છે. ૨૪ કલાક ધ્વજ ફરકાતો રાખવાનો હોવાથી નિયમ મુજબ તેને પુરતો પ્રકાશ મળે તે માટે ૧૦૦ ફૂટ ઊંચા પોલ પર જ ફ્લડ લાઈટ પણ રાખવામાં આવી છે. આ ૧૦૦ ફૂટ ઊંચા પોલને ૨૫ વર્ષ સુધી આંચ આવશે નહીં. તેની પણ પૂરતી કાળજી લેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સુરત શહેરના ડુમસ રોડ વાય જંક્શન પર આજથી દોઢ વર્ષ પહેલા ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ ધારાસભ્ય હર્ષ સંઘવીએ મુકાવ્યો હતો. હવે સુરતના રેલવે પરિસરમાં પણ આટલી જ ઊંચાઈએ રાષ્ટ્રધ્વજ ફરકાવાશે. જેથી એક શહેરમાં બે ઊંચા રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો એક વિક્રમ સ્થપાયો છે.

ડભોલી ટીપીમાં આવતા ૧૮ તબેલા અને ૫૦ જેટલા ઝુંપડા તોડી પડાયા

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન કતારગામના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી. સ્કીમ નં.૫૧ ડભોલીના ફા. પ્લોટ નં.૧૩૪/એ થી ૨૦૮ સુધીના ૨૪.૦૦ મીટરના ટી.પી. રસ્તામાં આવતા વર્ષો જુના માલધારી વસાહતના કુલ ૧૮ તબેલાઓ તથા આશરે ૫૦ ઝુંપડાઓના દબાણને કારણે, સદર ટી.પી. રસ્તો બોટલનેક થવાથી ડભોલી વિસ્તારમાં ટ્રાફિક જામની ગંભીર સમસ્યાઓ ઉદ્ભવેલી હતી.



સરસાણા ખાતે આવેલા ચેમ્બર ઓફ કોમર્સ એક્ઝિબીશન એન્ડ કન્વેન્શન સેન્ટરમાં આજથી ત્રણ દિવસના ઓટો એક્સપો-૨૦૧૯નો આરંભ થયો છે. વિશાળ ઓટો એક્સ્પોમાં વિન્ટેજ કાર પણ રજૂ કરવામાં આવી હોવાનું તસવીરમાં નજરે પડે છે.

સોનગઢમાં પ્રજાસત્તાક પર્વ દિન ઉજવણી કાર્યક્રમ સંદર્ભે રિહર્સલ

વ્યારા

આગામી તા. ૨૬મી, જાન્યુઆરીના રોજ તાપી જિલ્લાના સોનગઢ ખાતે સવારે ૦૯:૦૦ કલાકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં તાપી જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવશે. જિલ્લા કક્ષાની આ ઉજવણીને અનુલક્ષીને તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જિલ્લા કલેકટર અને.કે.ડામોરે કાર્યક્રમના સ્થળે રિહર્સલ યોજી પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

તાપી જિલ્લાના સમાહર્તા એન.કે ડામોરની સીધા માર્ગદર્શન હેઠળ તાપી જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી સોનગઢ ખાતે આવેલી સાર્વજનિક હાઈસ્કૂલના પટાંગણમાં કરવામાં આવનાર છે. આ ઉજવણીને અનુલક્ષીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાનારા આ કાર્યક્રમની તૈયારીઓમાં કોઈ કચાશ ન રહી જાય એ માટે જિલ્લા વહીવીટીતંત્ર ખડે પગે કામગીરીને આખરી ઓપ આપવામાં વ્યસ્ત છે.

પૂર્વતૈયારીઓને આખરી ઓપ આપવાના ભાગરૂપે જિલ્લા કલેકટર એન.કે.ડામોરે આજે સવારે સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે રિહર્સલ યોજ્યું હતું. આ રિહર્સલ દરમિયાન સમગ્ર કાર્યક્રમ દરમિયાન થનાર દરેક ગતિવિધિનું બારીકાઈ અવલોકન કરી જિલ્લા કલેકટરે જરૂર જણાય ત્યાં ઉપયોગી માર્ગદર્શન પણ આપ્યું હતું. ઉપરાંત તેમણે સમયમર્યાદામાં કામગીરી આટોપી લેવા જણાવ્યું હતું.

સુરતમાં વડાપ્રધાન મોદીના કાર્યક્રમના આયોજન અંગે કલેક્ટરે યોજેલી બેઠક

વડાપ્રધાનના કાર્યક્રમના સ્થળે સલામતી વ્યવસ્થા અંગે સમીક્ષા

સુરત

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૩૦મીના રોજ સુરત ખાતે પધારનાર છે. વડાપ્રધાનશ્રી સુરત ખાતે નવા એરપોર્ટના ટર્મિનલ બિલ્ડીંગનું ખાતમૂહુર્ત, રામપુરા સ્થિત વિનસ હોસ્પિટલના નવનિર્મિત બિલ્ડીંગનું ઉદઘાટન તેમજ ઈન્દોર સ્ટેડિયમ ખાતે આયોજિત યુથ પ્રોગ્રામમાં ઉપસ્થિત રહેનાર છે.

વડાપ્રધાનશ્રીના પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત કલેકટરશ્રી ડો.ધવલ પટેલના અધ્યક્ષસ્થાને પૂર્વતૈયારી અંગે બેઠક યોજાઈ હતી. જેમાં એરપોર્ટ સહિત કાર્યક્રમના ત્રણે સ્થળો ઉપર સલામતી વ્યવસ્થા અંગે સમીક્ષા કરાઈ હતી. બેઠકમાં ખાસ કરીને સ્ટેજ, બેઠક વ્યવસ્થા, લાઈટ સાઉન્ડ સિસ્ટમ, સ્વાગત, કાયદો-વ્યવસ્થા, પાર્કિંગ, ટ્રાફિક વ્યવસ્થા, વીજળી, પાણી, આરોગ્ય, વી.આઈ.પી. પ્રવેશ મીડિયા પ્રવેશ, પાસ બેઠક વ્યવસ્થા સહિતના તમામ પાસાઓની તલસ્પર્શી સમીક્ષા કરવામાં આવી હતી. આ અગાઉ કલેકટરશ્રીએ વડાપ્રધાનશ્રીના કાર્યક્રમના તમામ સ્થળોની રૂબરૂ મુલાકાત લઈ તમામ પાસાઓની ઝીણવટભરી માહિતી મેળવી હતી.

કલેકટરશ્રીએ બેઠકમાં કાર્યક્રમના સુચારૂ આયોજન માટે બનાવેલ વિવિધ સમિતિઓને સોપવામાં આવેલ કામગીરી માટે તેમજ સંબંધિત અધિકારીઓ સાથે સુરક્ષા સહિતની બાબતોને ધ્યાને લઈ બારીકાઈથી ચર્ચા સમીક્ષા કરી જરૂરી રચનાત્મક સૂચનો કર્યા હતા. બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી સંજય વસાવા, નાયબ પોલીસ કમિશનર શ્રી, ડી.સી.પી. કે.એ. નિનામા, એ.સી.પી. વી.એ. શુકલ, સિટી પ્રાંત શ્રી પી.આર. જાની, માર્ગ-મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી પટેલ, એરપોર્ટ ઓથોરીટી તથા મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ સહિત સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

जय अंबे यात्रा संघ आयोजित
काशी साथे नेपाळ ₹.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશાનાં દુખાવા માટે અસરકારક

022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .


GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

વલસાડ ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઈ



વલસાડ

ભારતના ચૂંટણી પંચ દ્વારા દર વર્ષે તા.૨૫મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. જે અંતર્ગત વલસાડ જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી મોરારજી દેસાઈ હોલ, વલસાડ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર કમલેશ બોડરે રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવણીનો હેતુ સમજાવી જણાવ્યું હતું કે, મતદાન એ આપણી પવિત્ર ફરજ છે, સૌ મતદાતાએ મતદાનનો અવશ્ય ઉપયોગ કરવો જોઈએ. મતદાતા એ લોકશાહીનો ધબકાર છે. મતદાતાને બંધારણના હકક આપવામાં આવ્યા છે. દેશનું ભાવિ અને દેશનો વિકાસ કરવા મતદાન કરી માતૃભૂમિનું ઋણ અદા કરવી એ મતદાતાની પવિત્ર ફરજ છે.

આ પ્રસંગે ઉત્કૃષ્ઠ કામગીરી કરનારા શ્રેષ્ઠ બુથ લેવલ ઓફિસર, સુપરવાઈઝર, કેમ્પેઈન એમ્બેસેડર, નાયબ મામલતદાર તથા વરિષ્ઠ મતદાતાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના ભાગરૂપે યુવા મતદાર મહોત્સવ સ્પર્ધાનું આયોજન કરાયું હતું, જેના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વલસાડ પ્રાંત અધિકારીશ્રી કે.જે.ભગોરાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા.

બાઈ આવાં બાઈ શાળાના બાળકો દ્વારા પ્રાર્થના અને સ્વાગતગીત રજુ કર્યા હતા. શાહ એન.એચ.કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નાટક રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સૌએ મતદાર તરીકેની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી કે.આર.પટેલ, ચૂંટણી મામલતદાર, વલસાડ મામલતદાર સહિત યુવા મતદારો ઉપસ્થિત રહ્યા હતા.

નદીમ પાનવાલા હાફિઝની સંસ્થા માટે કામ કરતો હોવાનો ઘટસ્ફોટ

સુરત

આતંકવાદ સંદર્ભે વૈશ્વિક સ્તરે તપાસ કરતી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની ટીમ પહેલી વખત સુરત આવી હતી. સુરતના અડાજણ પાટિયા વિસ્તારના એક અપાર્ટમેન્ટના ૨ ફ્લેટમાં સતત ૬ કલાક સુધી તપાસ કર્યા બાદ કેટલાક ચોંકાવનારા દસ્તાવેજી પુરાવા એનઆઈએની ટીમે એકત્ર કર્યા હોવાની માહિતી જાણવા મળી છે. આ ફ્લેટમાં રહેતા નદીમ પાનવાલા લાહોરની સંસ્થા ફલાહ-ઈ-ઈન્સાનિયત ફાઉન્ડેશન સાથે સંકળાયેલા હોવાના કારણે તેને ત્યાં સર્ચ કરી દસ્તાવેજી પુરાવા એકત્ર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ફલાહ-ઈ-ઈન્સાનિયત ફાઉન્ડેશન એ ગ્લોબલ ટેરરિસ્ટ હાફીઝ સૈયદની સંસ્થા છે. એનઆઈએની ટીમે સુરત અને વલસાડ ઉપરાંત દેશભરમાં કુલ ૮ સ્થળે દરોડા પાડી ઢગલાબંધ દસ્તાવેજી પુરાવા કબજે કર્યા હોવાનું એનઆઈએએ જારી કરેલી અખબારી યાદીમાં જણાવ્યું છે.

ત્રણ દિવસ પૂર્વે તા. ૨૧-૧-૧૯ના રોજ એનઆઈએની ટીમે મોહંમદ હુશેન મોલાની ઉર્ફે બબલુ અબ્દુલ હમીદ મોલાની (ઉ.વ.૪૩, રહે: ગુલઝારપુરા, સિકર રોડ, કુચમાનસિટી, જિ. નાગોર, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી. તેની પૂછપરછના અંતે સુરત અને વલસાડ ઉપરાંત સિકર, જયપુર, ઉત્તરપ્રદેશના ગોડા, દિલ્હી અને કેરલાના કાસારગોડ ખાતે સર્ચ હાથ ધરી મોબાઈલ, સીમકાર્ડ, હાર્ડ ડિસ્ક, લેપટોપ. રોકડ રકમ, સોના સહિતની વસ્તુઓ કબજે કરી હતી.

સુરત હિટ એન્ડ રનઃ ટેમ્પાની ટક્કરે બાઈક સવારનું મોત

સુરત

ઓલપાડ-સુરત ફોર લેન્ડ ઉપર માસમા ગામના પાટીયા સામે એક અજાણ્યા ટેમ્પા ચાલકે રોડ ક્રોસ કરી રહેલા માસમા ગામના આધેડ બાઈક ચાલકને અડફતે લેતા સર્જાયેલા અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્તનું પ્રાણ પંખીડું ઉડી ગયું હતું.

સુરત માસમા ગામની નવી વસાહતમાં રહેતા રણછોડ ઈચ્છુભાઈ પટેલ જહાંગીપુરા જીન કેમ્પસમાં આવેલ તળાદ કોટન મંડળીમાંથી નિવૃત થયા બાદ ખેતી કરી ગુજરાન ચલાવતા હતા. તેઓ સોમવાર, તા-૨૧ ના રોજ સાંજે ૪:૩૦ કલાકના સુમારે તેમની હીરો હોન્ડા બાઈક નં: જીજે-૫, જીકે-૨૭૯૦ ઉપર સવાર થઈ ઓલપાડથી ઘરે આવી રહ્યા હતા. તેઓ માસમા ગામના પાટીયા નજીક પહોંચતા મહાકાળી માતાના મંદિર સામેના રોડ પરથી ગામ તરફ બાઈક ક્રોસ કરતા હતા તે સમયે સુરત તરફથી પુરપાટ ઝડપે દોડતા મહેન્દ્ર કંપનીના અજાણ્યા ટેમ્પા ચાલકે રણછોડ પટેલને અડફતે લેતા સર્જાયેલા અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી.

જો કે ઘટના સ્થળે દોડી આવેલા પરિવારજનોએ ઈજાગ્રસ્તને ૧૦૮ મોબાઈલ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે ઓલપાડ ખાતેના સરકારી દવાખાનામાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતા પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ મામલે મૃતકના ભાઈ અમૃત પટેલે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ટેમ્પા ચાલક વિરૂધ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પારડી તાલુકાનો પ્રજાસત્તાક પર્વ બગવાડા હાઈસ્કૂલ ખાતે યોજાશે

વલસાડ

વલસાડ જિલ્લાના પારડી તાલુકાનો પ્રજાસત્તાક પર્વ બગવાડા હાઈસ્કૂલના પગાંગણામાં યોજાશે. આ અવસરે તા.૨૬/૧/૧૯ના રોજ સવારે ૯-૦૦ કલાકે નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી વાય.બી.ઝાલાના હસ્તે ધ્વજવંદન કરાશે.

નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૨મી જન્મ જયંતીની કરાયેલી ઉજવણી

સુરત

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજ સુભાષચંદ્ર બોઝની ૧૨૨મી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩-૧-૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા સુભાષચોક સુરત ખાતે પુષ્પાંજલી સહ વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશની આજાદી અપાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને મેયર જગદીશ પટેલ, ડે.મેયર નિરવ શાહ, મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસન, શાસક પક્ષ નેતા ગિરિજાશંકર મિશ્રા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષો, મ્યુ. સભ્યો, અધિકારીગણ તથા સ્થાનિક નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પાંજલી અર્પણ કરી વંદના કરી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓએ માતૃભૂમિની મુક્તિ માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝના જીવન પર વક્તવ્ય રજૂ કરી તુમ મુજે ખૂન દો, મે તુમ્હે આઝાદી દુંગા, આઝાદી અમર રહો જેવા રાષ્ટ્રીય નારાઓથી નેતાજીને યાદ કર્યા હતા.

તલવાડાથી અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળ્યો છે

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના તલવાડા-પારસી ફળિયા વિસ્તારમાં ભિલાડથી મુંબઈ જતા રોડ ઉપર ને.હા.નં.૪૮થી ૧૫ ફૂટના અંતરે એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ તા.૨૨/૧/૧૯ના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યા પહેલાં મળી આવ્યો હતો. મૃતકની ઉંમર આશરે ૫૦ થી ૫૫ વર્ષ, રંગે ઘઉંવર્ણો, ઊંચાઈ સાડા પાંચ ફૂટ, શરીરે પાતળો બાંધો, કમરે બ્લ્યુ તથા લીલા પટ્ટાવાળો નાઈટ પેન્ટ પહેર્યો છે. આ વર્ણનવાળા મૃતકના જો કોઈ વાલીવારસ હોય તો ભિલાડ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

ઠંડીમાં વધારો : નવસારીમાં ૯.૫ વલસાડમાં ૧૦ ડિગ્રી તાપમાન

સુરત

આજે સવારથી જ શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સુસવાટાભેર પવન ફૂંકાવાની સાથે દિવસે પણ ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. આગામી બે ત્રણ દિવસ સુધી વાતાવરણ યથાવત રહે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

સુરત હવામાન વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૨૬.૮ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૪.૦ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૮.૩ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી સુસવાટાભેર પવન ફૂંકાઈ રહ્યો છે. કલાકના ૧૦થી ૧૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતા શહેરમાં ધૂળની ડમરીઓ ઉડતા રાહદારીઓ અને વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવાની ફરજ પડી હતી. નવસારીમાં આજે સવારે ન્યુત્તમ તાપમાન ૯.૫ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૧૦ નોંધાયુ હતું. વલસાડમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૦.૧ ડિગ્રી નોંધાયું છે. આજે સવારથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ભારે પવન ફૂંકાવાના લીધે દિવસ દરમિયાન પણ ઠંડીનો અનુભવ થયો હતો.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાલ દેશમાં નાગરિકોની બીજી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન ટુંકવામાં ભયાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્કામથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજ સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધી વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ વખોત આપવામાંથી ચુકવણ જશે, જે માટે સાથે ડિજીટલ ફોટક પરથી આપ સમજુ શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની
(PLAN - A)
(PLAN - B)
માત્ર ૫૫૦/-માં
PLAN - A
LEVEL INCOME
1st 80/-
2nd 60/-
3rd 50/-
4th 40/-
5th 30/-
માત્ર ૩૦૦૦/-માં
PLAN - B
LEVEL INCOME
1st 600/-
2nd 400/-
3rd 300/-
4th 200/-
5th 100/-
6th 50/-
સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





મેડિસિન વિભાગની લોખંડની ગ્રીલ ૧૫ મિનિટ બંધ કરી દેતા હોબાળો મચ્યો

સુરત

નવી સિવિલ હોસ્પિટલમાં મેડિસિન વિભાગ ૧૨ નંબરની ઓપીડીમાં અંડર જવાના મુખ્ય દરવાજાની લોખંડની ગ્રીલ સિક્યુરિટી ગાર્ડે પંદરથી વીસ મિનિટ સુધી બંધ કરી દેતા ભારે હોબાળો થયો હતો જેના કારણે દર્દી અને તેમના સંબંધીઓએ હાલાકી વેઠવી પડી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગત મુજબ નવી સિવિલ હોસ્પિટલમાં ૧૨ નંબરની ઓપીડીમાં મેડિસિન વિભાગની ઓપીડી અને ઇકો-કાર્ડિયોગ્રામ કરવામાં આવે છે. આજે સવારે સિવિલમાં મેડિસિન વિભાગની ૧૨ નંબરની ઓપીડીનો મુખ્ય દરવાજાની લોખંડની ગ્રીલ સિક્યુરિટી ગાર્ડે ૧૫ થી ૨૦ મિનિટ માટે બંધ કરી દીધી હતી. જેના કારણે ખંડના દર્દીઓ અને તેમના સબંધો બહાર નહીં જઈ શકે અને બહારના દર્દી અને સંબંધીઓ અંદર જઈ શકતા ન હતા. જેને લીધે ત્યાં ભારે મચાવ્યો હતો.

બાદમાં લોખંડની ગ્રીલ ખોલતા દર્દી અને તેમના સંબંધોનો રોષ ઓછો થયો હતો. જો કે લોખંડની ગ્રીલ બંધ કરવાથી દર્દી અને તેમના સંબંધીઓએ હાલાકી વેઠવી પડી હતી. સિક્યુરિટી ગાર્ડે જણાવ્યું હતું કે દર્દીનો ધસારો અચાનક વધી ગયો હતો. જેથી દર્દી અને તેમના સંબંધીઓ ધસારા સાથે ૧૨ નંબરની ઓપીડીમાં જઈ રહ્યા હતા. જેના લીધે થોડા સમય માટે દરવાજો બંધ કર્યો હતો અને અન્ય સિક્યુરિટી ગાર્ડને બોલાવી લાવીને પરિસ્થિતિ થાળે પાડી હતી.

રાજપીપળા ખાતે હઝરત નિઝામશાહ બાબાના ઉર્ષ મુબારકની ઉજવણી કરવામાં આવી



રાજપીપળા : રાજપીપળા સબજેલ પાસે આવેલી હઝરત નિઝામશાહ બાબાની દરગાહ ખૂબ જાણીતી અને પ્રખ્યાત છે,અહીંયા હિન્દૂ મુસ્લિમ તમામ જ્ઞાતિના લોકો પોતાની આસ્થા લઈ ને આવે છે.ગુરુવારના રોજ નિઝામશાહ બાબાના ઉર્ષની દબદબાભેર ઉજવણી કરાઈ હતી, રાજપીપળા સહિત ગામેગામના લોકોએ ઉર્ષમાં હાજરી આપી હતી અને દરગાહમાં ફૂલ ચાદર અર્પણ કર્યા હતા. ઉર્ષ નિમિત્તે નાત શરીફ નો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જેમાં વડોદરા ના માશહૂર નાતખ્વાહ સુલતાન રઝા સાહેબે પોતાના બહેતરીન અંદાઝમાં નાત પઢી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.અને બીજા દિવસે મહેફિલનો પ્રોગ્રામ રાખવામા આવ્યો હતો

આ દરગાહમાં ગુજરાતની સૌથી લાંબી મઝાર આવેલી છે જે હઝરત નિઝામશાહ બાબાના ખાદીમની છે.એક રાક્ષસના નાશ માટે નિઝામશાહ બાબા એ તેમના ખાદીમને શક્તિ આપી હતી અને તેમનુ કદ ખુબજ ઊંચુ કર્યું હતું

દરગાહના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે નિઝમશાહ બાબાનો ઉર્ષ દરવર્ષે ધામધૂમથી ઉજવાય છે અને આ વખતે પણ ઉર્ષની ઉજવણી ભવ્ય રીતે થઈ છે અહિ સર્વ ધર્મના લોકો આસ્થા ઓ લઈને આવે છે, અને નિઝામશાહ બાબાની દુઆઓથી સૌ ની તમન્નાઓ પુરી થાય છે.

આજે સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધનામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

સુરત

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬-૧-૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વિજયાનગર સ્ટેડિયમ, સુમન શાળા નં.૧ની બાજુમાં, ઉધના સુરત ખાતે મેયર ડૉ. જગદીશ પટેલના વરદ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. પ્રજાસત્તાક પર્વના અવસરે તા.૨૬-૧-૨૦૧૯ના રોજ સવારે ઉધના ઝોન વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન શાળા સેલના વિદ્યાર્થીઓની ટેબ્લોઝ અને દેશભક્તિના નારા સાથેની પ્રભાત ફેરી સ્વરૂપે ધ્વજવંદન સમારોહમાં જોડાશે. સુરત મહાનગરપાલિકા ફાયર વિભાગ તથા વોચ એન્ડ વોર્ડ વિભાગના સિક્યુરિટી જવાનોની માર્ચ પાસ્ટ સાથે તિરંગાને સન્માનપૂર્વક સલામી આપવામાં આવશે. ધ્વજવંદન બાદ યોજાનાર સન્માન સમારોહમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત તા.૧૧-૧-૨૦૧૯ના રોજ ખટોદરા કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલ ચિત્રકામ અને વેશભૂષા હરિફાઈના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિદ્ધિ હાંસલ કરેલ શહેરના રમતવીરો કલાકારોને ચેક અને સ્મૃતિભેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. સન્માનિત થનાર રમતવીરો, કલાકારોને સવારે ૯.૦૦ કલાક પહેલાં રજીસ્ટ્રેશન કરાવી બેચ મેળવી લેવાનો રહેશે. આ પ્રજાસત્તાક દિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણી માટે ઉધના ઝોન વિસ્તારની સુમન શાળા, સેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓનો દેશભક્તિને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ધ્વજવંદન સ્થળ વિસ્તારમાં આવેલ રોડ ડિવાઈડરોને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવશે. રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

રોટરી આર્ટ ગેલેરીમાં હિમાલય વિષયક ફોટો શોનું આયોજન

સુરત

દેશ-વિદેશમાં વિખ્યાત ફોટોગ્રાફર સવ. અશ્વિન મહેતાના શિષ્ય અજીત પારેખનો હિમાલય વિષયક ફોટો શો આગામી ફેબ્રુઆરીની તા.૧૦ થી ૧૭ દરમ્યાન રોટરી આર્ટ ગેલેરી, નાનપુરા અઠવા લાઈન્સ, સુરત મુકામે યોજાયેલ છે. સમય રહેશે શનિ રવિ ૯ થી ૯ અને સોમ શુક ૪ થી ૯ કલાક સુધી પ્રદર્શન નિહાળી શકાશે. સર્વ કલારસિકોને ખાસ નિમંત્રમ પાઠવાયું છે.

રાજપીપળા ખાતે મતદાતા દિવસની ઉજવણીમાં ૧૦૩ વર્ષના મતદાર ભાણીબેન વસાવા અને દિવ્યાંગ મતદાર જીજ્ઞાશાબેન કાછીયાનું શાલ કરાયું સન્માન





શ્રેષ્ઠ BLO, સુપરવાઈઝર, ઈન્ઝ, એમ્બેસેટરોને પ્રમાણપત્ર આપી સન્માન કરાયું યુવા મતદાર મહોત્સવ-૨૦૧૮ સ્પર્ધા અંતર્ગત વિજેતાઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા રાજપીપળા સરદાર ટાઉન હોલ ખાતે નવમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની થયેલી ઉજવણી

રાજપીપળા : સમગ્ર દેશમાં ૨૫ મી જાન્યુઆરી-૨૦૧૧ થી આ દિવસે રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવણી થઇ રહી છે, તેના ભાગરૂપે આજે સરદાર ટાઉનહોલ રાજપીપળા ખાતે ૯ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીના કાર્યક્રમને નર્મદા જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી આર.એસ.નિનામા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એ.આઇ.હળપતી, જિલ્લા પંચાયતના સદસ્ય કિરણભાઈ વસાવા, ગુજરાત બાળ સુરક્ષા આયોગના સદસ્યા ભારતીબેન તડવી વગેરેની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય ધ્વારા ખુલ્લો મૂકાયો હતો.

સમારંભના અધ્યક્ષપદેથી પ્રાસંગિક પ્રવચન કરતા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર.એસ.નિનામાએ જણાવ્યું હતું કે, મત એટલે લોક પ્રતિનિધિ પ્રત્યેનો અભિપ્રાય વ્યકત કરવાની તક છે. ૨૦૦૧ પહેલા જન્મેલાએ ૧૮ વર્ષ પૂર્ણ થતા મતદાર નોંધણી કરાવવી જોઇએ મતદારનું મહતવ્ મતદાન સમયે મતદાનની રાહ જોઇ યુવા થી વુધ્ધ મતદારો લાઇનમાં ઉભા હોય છે ત્યારે સમજાય છે. મતદાર અધિકારી હોવાનો મને ગર્વ છે. હું મતદાનનું ગૌરવ કરીશ જેવી ખુમારી સાથે મતદાન અચુક કરવુ જોઈએ. મતદાન કરવુ એ બંધારણીય હકક છે. તેનો ઉપયોગ કરીએ વસ્તીની દ્રષ્ટિએ જિલ્લામાં ૬૩ ટકા લાયકાત ધરાવતા મતદારો છે. અને સૌથી વધુ મતદાન નર્મદા જિલ્લામાં થતું આવ્યું છે. કોલેજમાં ભણતા દિકરા '-દિકરીને એમ્બેસેડર બનાવી મતદાર નોંધણી અભિયાનને વેગવંતુ કરાયું છે. છતાં પણ બાકી રહી જતા ૧૮ વર્ષની વય ધરાવતા તમામને મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવા નિનામાએ નમ્ર અનુરોધ કર્યો હતો.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એ.આઇ.હળપતિએ શાયરી સાથે મતદારના ઉત્સાહ વધે તે રીતે મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. હળપતિએ લાયકાત ધરાવતા મતદારોએ જાતિ-ધર્મ કે કોઈ પણ જાતના દબાણ વગર પવિત્ર મતદાન કરવા અનુરોધ કર્યો હતો. હળપતિએ વધુમા ઉમેર્યું હતું કે, SVEEP ની સઘન કામગીરીથી મતદારોમાં જાગૃતિ આવવાની સાથે મતદાનની ટકાવારી પણ ઉંચી આવી છે. બાકી રહી જતા લાયકાત ધરાવતા ઉમેદવારોને મતદાર તરીકે નામ નોંધણી કરાવવાની ખાસ હિમાયત કરી હતી.

રાષ્ટ્રીય મતદાતા દિવસે નર્મદા જિલ્લામાં સૌથી મોટી વયના મતદાર તરીકે ૧૦૩ વર્ષના ભાણીબેન ચુનિયાભાઈ વસાવા, મુ. જીતનગર તા. નાંદોદનું અને રાજપીપળાના દિવ્યાંગ મતદાર જીજ્ઞાશાબેન ગોપાલભાઈ કાછીયાનું જિલ્લા ચૂંટણી અધિકારી આર.એસ.નિનામાએ શાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સન્માન કર્યું હતું. જયારે યુવા મતદાર મહોત્સવ-૨૦૧૮ અંતગત પો?ટર સ્પધાના એકથી ત્રણ ક્રમે આવનાર સ્પર્ધકને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી નિનામાએ સન્માનિત કર્યા હતાં. શ્રેષ્ઠ બીએલઓ, શ્રેષ્ઠ સુપરવાઇઝર, શ્રેષ્ઠ ઇએલસી અને શ્રેષ્ઠ એમ્બેસેડરને ઉપસ્થિત મહાનુભાવોએ પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતાં.

આ પ્રસંગે નાંદોદના મામલતદાર જયકુમાર બારોટે સૌનું શાબ્દીક સ્વાગત કર્યું હતું. જયારે અંબુભાઇ પુરાણી હાઇસ્કૂલના શિક્ષક રાજેન્દ્રભાઇ સેવકે આજના દિવસની ઉજવણીનું મહત્વ સમજાવ્યું હતું અને બોરીદ્રા પ્રાથમિક શાળાના આચાર્ય અનિલભાઇ મકવાણાએ લોકશાહીનો ધબકાર-મતાધિકાર અંગે ગીત રજૂ કર્યું હતુ. કાર્યક્રમના અંતે સૌએ સામૂહિક શપથ લીધા હતાં.

ટાઉન હોલના કાર્યક્રમ પૂર્વે ગાંધી ચોકથી ટાઉન હોલ સુધી વિશાળ રેલી યોજાઇ હતી. નાંદોદ મામલતદાર બારોટે ઝંડી આપી આ રેલીને પ્રસ્થાન કરાવ્યાં બાદ શહેરના મુખ્ય માર્યો પર સુત્રોચ્ચાર સાથે ફરીને આ રેલી ટાઉન હોલ ખાતે સભામા ફેરવાઇ હતી.

આ પ્રસંગે જિલ્લા ખેતીવાડી અધરીકારી નિલેશભાઇ ભટ્ટ, નાયબ પશુપાલન નિયામક એન.સી.પટેલ, ચૂંટણી મામલતદાર પૂર્વેશ ડામોર, નાયબ મામલતદાર કરણસિંહ રાજપુત, શહેરીજનો અને શાળાના બાળકો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

કોર્ટનો ચુકાદો તા.૬ ફેબ્રુઆરીએ જાહેર થવાની પ્રબળ શક્યતા

સુરત

શહેરની પીડિતા સાથે બળાત્કાર ગુજારવાના એક કિસ્સામાં સંકળાયેલા નારાયણ સાંઈના કેસનો અંતિમ ચુકાદો ૬ ફેબ્રુઆરીના રોજ આવવાની શક્યતાઓ રહેલી છે. એવું બચાવ પક્ષના એડવોકેટ કલ્પેશ દેસાઈ અને વિરલ ચલીયાવાળાએ જણાવ્યું હતું.આ કેસની વિગતો એવી છે કે ૬ ઓક્ટોબર ૨૦૧૩ના રોજ શહેરની પીડિતા દ્વારા શહેરના જહાંગીરપુરા પોલીસ મથકમાં નારાયણ સાંઈ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે હરિયાણા કુરૂક્ષેત્રથી નારાયણ સાંઈની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. નારાયણ સાંઈ ઉર્ફે મોટા ભગવાન છેલ્લા પાંચેક વર્ષથી જેલમાં કાચા કામના કેદી તરીકે સજા કાપી રહ્યા છે. પોલીસે ચાર્જશીટ રજૂ કર્યા બાદ ચાર્જફ્રેમ અને ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી પૂરી થઈ ગઈ છે. આ કેસમાં સરકાર તથા બચાવ પક્ષની અંતિમ દલીલો પૂરી થતા કોર્ટ આગામી ૬ ફેબ્રુઆરીના રોજ અંતિમ ચુકાદો આપશે.

લાખોનું પેમેન્ટ નહીં કરતા પીજી સિલ્ક મિલ્સના ડાયરેક્ટ વિરુદ્ધ ફરિયાદ

ગ્રે માલ ખરીદી ૧૨.૮૬ લાખ નહીં ચૂકવી છેતરપિંડી

સુરત

સલાબતપુરા ગોપાલ ચેમ્બર્સમાં આવેલ પી.જી. સિલ્ક મિલ્સના ડાયરેક્ટર તથા કાપડ દલાલ સહિતનાએ ગ્રે કાપડનો જથ્થો ખરીદી રૂા. ૧૨.૮૬ લાખની ઠગાઈ કરી હતી. સલાબતનપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અમરોલી પુરૂષોત્તમ નગર સત્યમ એપાર્ટમેન્ટમાં રહેતા હર્ષશભાઈ રીતેશકુમાર અમીને આરોપી પરમજીતસિંગ ઈન્દ્રજીતસિંગ ગુલાટી (ી.જી. સિલ્ક મિલ્સના ડાયરેક્ટર) સુનિલ કેશવદાસ કુકરેજા (કાપડ દલાલ) તથા અન્યો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ફરિયાદીના કારખાનામાંથી રૂપિયા ૧૨,૨૧,૦૨૧ની કિંમતનો ગ્રે કાપડનો જથ્થો ખરીદી કરી રૂપિયા ૩૫ હજાર ચૂકવ્યા હતા. ત્યારબાદ બાકીના રૂા. ૧૨,૮૬,૦૨૧૭ પેમેન્ટ નહીં કરી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.





હાર્દિક પટેલની એક વર્ષ જુના કેસમાં ધરપકડ બાદ છુટકારો

સુરત

પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલ અને કિંજલ પરીખના આગામી ૨૭ તારીખે લગ્ન થવાના છે. ત્યારે સુરતની એક દિવસની મુલાકાતે આવેલા હાર્દિક પટેલની વરાછા પોલીસે ગેરકાયદેસર રેલી અને રાયોટીંગના ગુનામાં ધરપકડ કરી હતી. જોકે હાર્દિકને પોલીસ મથકમાંથી જામીન પર છોડી દેવામાં આવતા રાહતનો શ્વાસ હાર્દિકે અને પાટીદારોએ લીધો હતો.

પાટીદાર અનામત આંદોલનના મુખ્ય કન્વીનર હાર્દિક પટેલ સામે રાજ્યભરમાં અનેક કેસો દાખલ કરવામાં આવ્યા છે. ત્યારે સુરતના એક કેસમાં પણ તેની ધરપકડ કરવામાં આવી હતી. સુરતની વરાછા પોલીસે હાર્દિક પટેલની ધરપકડ કરી હતી. વરાછા પો.સ્ટે. (ફસ્ટ પાર્ટ) ગુના રજીસ્ટ્રર નંબર ૨૦/૨૦૧૮નો ગુનો નોંધાયો હતો. આઈપીસીની કલમ ૧૪૩, ૧૪૫, ૧૪૯, ૧૫૨, ૩૪ (૧), ૧૮૬ મુજબ ગુનો દાખલ થયો હતો. તા ૧૦/૦૧/૨૦૧૮ના રોજ પાટીદાર આંદોલન સાથે જોડાયેલા ચાર આરોપીઓ સુરતની લાજપોર જેલમાંથી મુક્ત થયા હતાં. જેલમુક્તીને પગલે પાસ દ્વારા તેમના સ્વાગત બાદ રેલીની મંજુરી માંગવામાં આવી હતી. જોકે પોલીસે મંજુરી આપવાનો ઈનકાર કરી દીધો હતો. જોકે પોલીસની મંજુરી ન હોવાથી છતાં પણ પાસ દ્વારા રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં હાર્દિક પટેલ સહિતના પાસના આગેવાનો જોડાયા હતા.

રેલી નીકળ્યા બાદ સમગ્ર વરાછા વિસ્તારમાં ફેરવવામાં આવી હતી. સાથે જ પાટીદારોનું સ્વાગત પણ કરવામાં આવ્યું હતું. જોકે પોલીસે તે જ દિવસે રાત્રે હાર્દિક સહિતના પાસના આગેવાનો સહિતના લોકો સામે ગુનો દાખલ કર્યો હતો. આ કેસમાં હાર્દિક વોન્ટેડ હતો. દરમિયાન ગુરુવારે હાર્દિક સુરત આવ્યો હતો. જેથી તે વરાછા પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં હાજર થયો હતો. હાર્દિક પટેલ પોલીસ મથકમાં હાજર થતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. જોકે તેને પોલીસ મથકમાંથી જ જામીન આપવામાં આવતા તેનો છુટકારો થયો હતો.

બસમાં મુસાફરોની જગ્યાએ દારૂ..!! ૧૨૦ પેટી ઝડપાઈ

ભરૂચ

ગુજરાત પોલીસ નશાબંધીના કડક અમલીકરણ માટે જોર લગાવતા બુટલેગરો દારૂ લાવવા અવનવા કીમિયા અજમાવતા હોય છે, આવી જ એક તરકીબને ભરૂચ પોલીસે નિષ્ફળ બનાવી હતી. જેમાં બસમાં મુસાફરોની જગ્યાએ દારૂ લાવવામાં આવી રહ્યો હતો. ભરૂચ પોલીસે ૧૨૦ પેટી દારૂ ઝડપી પાડયો હતો.

સામાન્ય રીતે મુસાફરોને તકલીફ ન પડે તે માટે પેસેન્જર વાહનનું કડક ચેકીંગ કરતી નથી, પરંતુ બૂટલેગરો આ વાતનો ફાયદો ઉઠાવી રહ્યાં છે. આવો એક જ ભેજાબાજ બૂટલેગર પોલીસ હથ્થે ચડી ગયો.

પેસેન્જર મીની બસમાં દારૂની ખેપ મારતી એક બસને ભરૂચ પોલીસે ઝડપી પાડી. સુરતથી વડોદરા તરફ મિનિ બસમાં દારૂ લાવતો હોવાની બાતમીના આધારે કાઈમ બ્રાન્ચે નેશનલ હાઈવે ઉપર વાહન ચેકીંગ શરુ કર્યું હતું. પોલીસનું ચેકીંગ જોઈ એક મિનિબસનો ચાલાક વાહન છોડી ફરાર થઈ ગયો હતો. પોલીસ તલાશી લેતા મીનીબસની સીટો ઉપર પેસેન્જરના સ્થાને દારૂની પેટીઓ નજરે પડી હતી. કુલ ૧૨૦ પેટી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ કબજે કરી વનના નંબરના આધારે મલિક સુધી પહોંચવા પ્રયાસ હાથ ધર્યા છે.

પલસાણાના બગુમરામાં યાર્નની બે મિલમાં આગની દુર્ઘટના

ચાર પૈકી ત્રણ કારીગરોના હાજપિંજર મળી આવ્યા

પલસાણા પોલીસે આગની દુર્ઘટના બાદ ફોરેન્સિક ડિપાર્ટમેન્ટ સાથે કાટમાળની તપાસ કરતા ત્રણ મનુષ્યોના અસ્થિ મળી આવ્યા

સુરત

પલસાણા નજીક બગુમરા ગામ પાસે યાર્નના દોરા બનાવતી ઈગલ ફાયબર્સ અને બાજુમાં આવેલી જેપીબી ફાયબર્સ મીલમાં ગુરૂવારે મળસ્કે ભીષણ આગ લાગી હતી. આ મીલમાં કામ કરનારા ચાર કારીગરો ગુમ હોવાની આશંકાથી ફોરેન્સિક અને પોલીસની ટીમ દ્વારા મીલના કાટમાળમાં તપાસ હાથ ધરી છે. ત્રણ માનવ કંકાળ ઘટના સ્થળેથી મળી આવ્યા છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ બગુમરા પાસે પ્લાસ્ટિકના દાણામાંથી નાયલોન અને પોલીસ્ટર યાર્ન (દોરા) બનાવતી ઈગલ ફાયબર્સ અને જે પીબી ફાયબર્સમાં ગુરૂવારે મળસ્કે ભીષણ આગ લાગી હતી. શોર્ટ સર્કિટના લીધે લાગેલી આગથી મીલમાં રાખેલ કાચો તેમજ તૈયાર માલ સહિત સંપૂર્ણ મિલ આગમાં સ્વાહા થઈ હતી. આગને કાબુમાં લેવા માટે બારડોલી, પલસાણા, પીઈપીએલ, ગાર્ડન, મીલ સહિત સુરત મહાનગરપાલિકાના ફાયર ફાયટરોએ આગને કાબુમાં કરવાનો પ્રયાસ કર્યો હતો.

ઈગલ ફાયબર્સમાં લાગેલી આગમાં ચાર કામદારો ફસાયા હોવાની આશંકા છે. આગ લાગી તે સમયે કોન્ટ્રાક્ટરના સાત માણસો ચોથા માળે કામ કરી રહ્યા હતા. આગ લાગ્યા બાદ ત્રણ વ્યક્તિ બહાર નીકળી આવ્યા હતા. જ્યારે ચાર કામદારો મીલમાં ફસાયા હોવાની આશંકા સેવાઈ રહી છે. અમોલ, રિન્કુ, રમેશ અને મનોજની શોધખોળ કરવામાં આવતા તેઓ પોતાના રૂમ પર પણ દેખાયા ન હતા. આગ કાબુમાં આવ્યા બાદ ચારેય વ્યક્તિઓના પરિવારના સભ્યો દ્વારા પોલીસને ગુમ થવાની જાણ કરી હતી. પલસાણા પોલીસ અને ફોરેન્સિક સાયન્સ વિભાગની ટીમ દ્વારા મીલના કાટમાળની તપાસ હાથ ધરી છે. આજે બપોર સુધીમાં મીલ ખાતે તપાસ ચાલી રહી છે. આ અહેવાલ લખાય રહ્યો ચે ત્યાર સુધી ચારેય ગુમ થયેલ કારીગરો પૈકી ત્રણ માનવ કંકાલ મળી આવ્યા છે. આ ત્રણ કંકાલ કોના છે તેની તપાસ ચાલી રહી છે. મીલમાં ગુમ કારીગરો પૈકી જ આ ત્રણ કારીગરોની લાશ મૃતદેહ કંકાલ હોઈ શકે છે.

ગોલ્ડ લોન મેળવવા નકલી સોનુ પધરાવી દેવાતા પોલીસ ફરિયાદ

આઈઆઈએફએલ કંપની સાથે ઠગાઈ

સુરત

ગોલ્ડ લોન આપનાર કંપનીને ડુપ્લિકેટ સોનાની ચેઈન આપી રૂપિયા ૧.૯૦ લાખની ગોલ્ડ લોન મેળવી ઠગાઈ કરાઈહતી.

ચોકબજાર પોલીસ સૂત્રોના જણાવ્યચા મુજબ માંડવી ગામમાં રહેતા વિકાસભાઈ મહેશભાઈ કાયસ્થે આરોપી રોહનકુમાર મનહરલાલ ઠાકોર (લલીતા પાર્ક સોસાયટી, કતારગામ) વિરુદ્ધ ફરિયાદમાં જણાવ્યા મુજબ સિંગણપોર ચાર રસ્તા રાધેશ્યામ શોપિંગ સેન્ટરમાં આવેલ આઈઆઈએફએલ કંપનીની ગોલ્ડ લોન શાખામાંથી આરોપીઓ ડુપ્લીકેટ સોનાની ચેઈન મૂકી રૂપિયા ૧.૯૦ લાખની છેતરપિંડી કરી હતી. ચોકબજાર પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ઉધના કલ્યાણ કુટીરમાં રૂા. ૩૫ લાખની ચોરી

સુરત

સુરતના ઉધના કલ્યાણ કુટીરમાં રોકડા બે લાખ અને સોનાના દાગીના મળી કુલ્લે રૂા. ૫.૩૫ લાખની ચોરી થઈ હતી. ઉધનાના ઘરમાંથી મોટી રકમની ચોરી થતા સ્થાનિક પોલીસ દોડતી થઈ ગઈ હોવાનું જાણવા મળે છે.

ઉધના પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત હાઉસિંગ બોર્ડ પ્લોટ નં. ૩૯૬, બીજા માળે ફરિયાદી ધનંજય દેવીદાસ બાવીસકરના મકાનમાંથી અજાણ્યા તસ્કરો રોકડા રૂપિયા બે લાખ, રૂા. ૩.૩૫ લાખના સોનાની દાગીના મળી કુલ્લે રૂા. ૫.૩૫ લાખની મતા ચોરી કરી ગયા હતા. ઉધના પોલીસે ફરિયાદ નોંધી પો.ઈ. ડી. ડી. પવારે તપાસ હાથ ધરી છે.

ઉછીના આપેલા રૂપિયાની ઉઘરાણી કરતા મીનીબજારના વેપારીને ધમકી

સુરત

રૂપિયા ૧૨.૦૧ લાખની પરત માંગણી કરતા હીરા વેપારીને જાનથી મારી નાખવાનીધ મકીઅ પાયાનો બનાવ વરાછા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એ. કે. રોડ સૌરાષ્ટ્ર સોસાયટીમાં રહેતા અશ્વિન ઈશ્વરભાઈ બુધેલિયાએ આરોપી અરવિંદ ભીખાભાઈ જીવાણી (રહે. આદિત્યા રેસિડેન્સી, નાના વરાછા)ને નવેમ્બર ૨૦૧૮ માં રૂપિયા૧૨,૦૧,૦૦૦ આપ્યા હતા. આરોપી વરાછા મીનીબજારમાં મળતા ફરિયાદીએ પોતાના રૂપિયા પરત આપવાની માંગણી કરી હતી. જેથી આરોપીએ ફરિયાદીને ગાસળો આપી થાય તે કરી લેજે, એકેય રૂપિયો આપવાનો નથી, બહુ ડાહ્યો થશે તો તને જીવવા દઈશ નહીં તેમ ધમકી આપી હતી. આ અંગે અશ્વિન ઈશ્વરભાઈએ વરાછા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે વિશ્વાસઘાત-છેતરપિંડીની ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ખજોદગામમાં મોબાઈલ ફોન લૂંટવા ચપ્પુના ઘા ઝીંકી દેવાયા

સુરત

ખજોદ ગામ પાસે બે અજાણ્યા યુવકે ચપ્પુના ઘા ઝીંકી મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ્લે રૂા. ૭૦૦૦ની લૂંટ કરી નાસી ગયા હતા.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ખજોદ ગામ ડાયમંડ બ્રુર્સ પી.એસ.પી. લેબર કોલોનીમાં રહેતા જોનીકુમાર નિર્મલ ઘોષ કોલોની પાસેથી પસાર થતા હતા ત્યારે બે અજાણ્યા યુવકો અચાનક ધસી આવ્યા હતા ફરિયાદી જોનીકુમારને ધક્કો મારી મોબાઈલ ફોન ઝૂંટવાનો પ્રયાસ કર્યો હતો અને ફરિયાદી ઉપર ત્રણથી ચાર ચપ્પુથી જીવલેણ ઘા ઝીંકી રૂપિયા ૬૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન, રોકડા રૂપિયા ૧૦૦૦ મળી કુલ્લે રૂા. ૭૦૦૦ની મતા ચોરી કરી ગયો હતો. ખટોદરા પોલીસે હત્યાની કોશિશ અને લૂંટનો ગુનો દાખલ કરી પો. ઈન્સ્પેક્ટર એમ.બી. ખીલેરીએ તપાસ હાથ ધરી છે.





